કુમાર

આદ્યતંત્રી · રવિશંકર રાવળ

સંપાદક · બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકોનું માસિક સળંગ અંક ૨૫૦ વર્ષ ૨૧મું અંક ૧૦મો · ઑક્ટોબર '૪૪



કાપડ માટેની ડિઝાઈન · કલાકાર : લક્ષ્મીપ્રસાદ સેવક



યમરાજનો અતિથિ—નચિકેતા (ચિત્રપરિચય જુઓ અંકમાં) ચિત્રકાર • રવિશંકર રાવળ

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક વર્ષ ૨૧ · અંક ૧૦ ઑક્ટોબર·૧૯૪૪ સળંગ અંક ૨૫૦મો

ચડો ઊંચે ઊંચે ·શિખરિણી·

વસો ઊંચેઊંચે શિખર, ચિતિ મારી, અટવીમાં
તળેટીની જાળે નહિ તું અટવા અંધ તમસે.
હજારો વેલાનાં વમળ ચરણોને તવ ગ્રસે,
હજારો કાંટાળાં કુહર ભરખે તેજ રવિનાં.

ચડો ઊંચેઊંચે, શ્વસન બનશે નવ્ય રુધિરે,
નવા વાયુઓથી નસનસ નવાં જોમ ગ્રહશે,
દગોમાં દીપ્તિઓ નવ ચમકશે, ઘૌતલ વચ્ચે
વિશાળી ગોદે તું અવની ગ્રહશે સત્ય મધુરે.

અણુમાં ખૂંતીને અણુતમ બનીને અકળતા
લહી લે સૃષ્ટિની; સડસડ ચડી સીડી ગિરિની
ગ્રહી લે વા ઊંચી ગગનતલની ગોદ ગરવી;
રમી રહે આશ્લેષી અખિલ ભુવનોની સકળતા.

નહીં આ વચ્ચેનાં સ્ફુરણમહીં તું સ્થૈર્ય ગ્રહજે,
પરાન્તોને પ્રાન્તે વિહર ચડીને દિગ્પતિ ગજે.

સુન્દરમ

કોણ બોલાવે?

ઓ રે મને કોણ બોલાવે રે ?
સાગરપારથી હાથ લંબાવી,
ઓરૂંઓરૂં કોણ આવે રે
મને કોણ બોલાવે ?
શૈશવકાળનાં સાગરપારનાં
પરીઓનાં સ્મિત રૂપ,
સોણલે દીઠાં રાજકુમારોનાં
સાહસ શૌર્ય અનૂપ;
મુગ્ધ કથાઓનાં ગીત ભરીભરી
બંસરી કોણ બજાવે
ઓ રે મને મેઘના રંગ સજાવે રે–મને૦
જીવનયુદ્ધની ભૈરવ ભેરીએ
સિંધુડાને જયસૂર,
કોમળ વિહ્વળબોલ પીલુના
ઓ રે મિલાવી મધુર;
સુન્દર મોહન તાર જણાવતું
મંથર કોણ આ આવે
ઓ રે મને વ્યાકુળ કોણ બનાવે રે–મને૦
સંધ્યાએ આરતીટાણે ઘુમીઘુમી
આયુનાં વંન અપાર,
શ્રાન્ત આ પાન્થના અંતિમ રાહે
પાવન પુણ્ય પથાર;
સત્ય અનંતનાં સોહે સુમંગલ
દ્વારને કોણ ખોલાવે
ઓ રે મને આપમાં કોણ સમાવે રે–મને૦

પિનાકિન ઠાકોર

સામયિક ચિંતન

શંકરની પ્રજ્ઞા અને બુદ્ધનું હૃદય

દેશની, ધર્મની અને માનવજાતની વેદનાને પારખવા ને મિટાવવા આપણી પાસે બે શક્તિઓ છે: લાગણી ને બુદ્ધિ—હૃદય ને મગજ. બંને સતેજ જોઇએ, સંવેદનશીલ જોઇએ. બંનેને સંકટની સરાણે ચડાવી કસી શકીએ તો જ સાચો રોગ પારખી શકીએ, ને તેનામાં પ્રાણસંચાર કરી ચેતનવંત કરવાની આપણામાં શક્તિ આવે.



ભગવાન બુદ્ધમાં બંને હતાં. પણ પહેલાનું બીજા પર વિશેષ આધિપત્ય હતું. માનવજાત માટે સર્વત્યાગ કરાવનારૂં એમાં જે હૃદય હતું તે જ એક નાના બલિદાન માટે લઈ જવામાં આવતા ઘેટાના બચ્ચાને આંસુભર્યાં નયને પોતાના અંકમાં લઇ લેતું. મારની ભયંકર સેના સામે નિશ્ચલ ને નિષ્કંપિત રહેનાર પણ એ જ હતું, ને નિરંજનાને કાંઠે મહાબોધિ તળે પરમ પ્રજ્ઞા સાથે મેળાપ કરાવનાર પણ એ જ હૃદય હતું. એમનું સ્મરણ કરો. ને પ્રશાંત કરુણાની ઝલકભરી મૂર્તિ તમારી આંખ સામે તરી રહેશે. તેમનું ચમીથી તરબોળ હૃદય આત્માના ઊંડાણમાં સ્થાન કરી લેશે.



પણ શંકરાચાર્યનું એથી જુદું જ દર્શન થશે. એમની તેજસ્વી મેધા, પ્રતિભાથી ચમકતી આંખો, પૂર્ણ પ્રજ્ઞાના મરકાટભર્યું મુખ, દૃઢતાભર્યા નાના હોઠ, ગમે તેવા પંડિતને પણ પળમાં ધૂળચાટતો કરનારો પ્રબળ વાક્વૈભવ તમને સ્વયં કહી દેશે કે 'જે કોઇ આની પાસેથી પસાર થયું છે તે એને નમ્યા સિવાય નથી ગયું.'

બુદ્ધને ચરણે જશો એટલે તે કહેશે: 'ગભરા નહિ, ભાઇ! દુઃખિત માટે હમેશાં પરમ સુખનો માર્ગ ખુલ્લો છે. જો! રડ નહિ.' શંકરની સન્મુખ નમન કરશો તો એ કહેશે: 'એમાં શું ગભરાય છે ? તારે દુઃખ છે જ ક્યાં ? તું જ વિશ્વવ્યાપી ચૈતન્ય છે, પછી રડવાનું કેવું ?' એક તમારાં આંસુ લૂછી આનંદનો માર્ગ બતાવશે; બીજો તમને જાતે જ આનંદસ્વરૂપ બનાવી દેશે. બંને નિરનિરાળી દિશામાંથી પ્રયાણ કરી પોતાના સત્યને પહોંચ્યા છે. છતાં જ્યાંથી તેમણે શરૂઆત કરી છે એ તત્ત્વ બંનેમાં પ્રબળ છે. બુદ્ધ પોતાનો જીવ લેવા આવનારના ખોળે માથું મૂકી તેને જીતી લેશે. શંકર જરૂર પડ્યે પાંચસો શિષ્યોથી વીંટાએલા કાપાલિકનું માથું તલવારપટા ખેલીને પણ રમતમાં વાઢી લેશે. બુદ્ધનું હૃદય પાણીપોચું નથી; ભયંકર યાતના પણ એ સહન કરી શકે છે. શંકરનું જ્ઞાન ફક્ત પાંડિત્ય કે વાદવિવાદમાં પુરાએલું નથી; જંગલીમાં જંગલી ગણાતી જાતોને પણ એ નિમેષમાત્રમાં વશ કરી લે છે.

બુદ્ધ સંસ્કૃતનો ત્યાગ કરી લોકોની પંગતમાં આવી બેસે છે: તેમની જ ભાષામાં એ પોતાની વાણી રેલાવે છે. શંકર સંસ્કૃતના ઉન્નત શૃંગેથી ભાગીરથીના પ્રવાહની માફક પોતાના ભવ્ય તત્ત્વજ્ઞાન વડે લોકોની ચિત્તભૂમિને પરિપ્લાવિત કરે છે. બુદ્ધનો શિષ્ય 'ભિક્ષુ' બની નત મુખે ને ધીર પદે તમારે બારણે આવે છે. શંકરનો શિષ્ય પરમ પરિવ્રાજકાચાર્ય અખંડ ભૂમંડલેશ્વર બની, ઉન્નત મુખે તમારે આંગણે ઊભો રહે છે.

કોના પાત્રમાં તમારૂં જીવનનૈવેદ્ય ધરશો ?

શંકરની જ્ઞાનદીપ્તિ વિનાનો ભિક્ષુ તો કેવળ દીન, અન્ન મેળવી આશ્રિત જેવો બનતો, તારવાની શક્તિ વગરનો કંગાલ માણસ બની જશે. બુદ્ધના હૃદય વિનાનો જગદ્ગુરુ માત્ર ઉદ્દંડ, અભિમાની, પોતાની જ વડાઇમાં તણાઇ જતો હુંપદનો અવતાર બની જશે. આપણને બંનેની જરૂર છે. બુદ્ધનું કમંડલ ને શંકરનો દંડ આપણે ધારણ કરી શકીએ તે આપણી પ્રાર્થના હો! શંકરની પ્રજ્ઞા ને બુદ્ધનું હૃદય–એ બંનેનું સાથે અભિસિંચન કરી શક્તિનું આપણે આવાહન કરીએ. 'પૂર્ણિમાયન'મિત્ર

પ્રખર પંડિત અને અનેકદેશી પ્રતિભા જ માત્ર નહિ પણ એક જીવનધ્યેયને ખાતર મરી મટનાર જીવનનો ચેલેન્જ

પંજાબનો પનોતો પુત્ર

ગુરુદત્ત વિદ્યાર્થી

વિશ્વકર્તાને જાણે તે સર્જનજૂની ટેવ લાગે છે. તેજસ્વી બુદ્ધિવૈભવ, વિશાળ હૃદય ને આત્માની વેધક શક્તિનું જ્યારે તે કોઈ માણસને ભારોભાર દાન કરે છે ત્યારે આયુષ્યની સીમારેખા દોરવામાં તે એટલો જ કૃપણ બને છે. એવી પ્રોજ્જ્વલ જિંદગીની ચમક હજુ આંખને અજવાળે તે પહેલાં એ મેધાવંત માનવીને આ જગતમાંથી કંથા ખંખેરી પ્રયાણ કરવાનું ફરમાન થાય છે. એ જ રીતે શ્રી ગુરુદત્ત વિદ્યાર્થીની પ્રતિભાથી ચકિત બનેલા જગતની આશ્ચર્યની આંગળી હજુ હોઠ પરથી ઊતરે તે પહેલાં તો વિધાતાએ તેને માટે આંસુ તૈયાર રાખ્યાં હતાં.

૧૮૬૪ની ૨૬મી એપ્રિલે લડાયક ખમીરથી મશહૂર કુટુંબમાં, મુલતાનમાં એમનો જન્મ થયો. પિતા લાલા રામકિશન ફારસીના વિદ્વાન ગણાતા. વૃદ્ધ વયે પણ તેમની અભ્યાસવૃત્તિ સતેજ હતી. મોટી વયે તેમણે સંસ્કૃત શીખી તે પર પ્રભુત્વ મેળવેલું. આવા પિતાની સંભાળ તળે તેમના છેલ્લા ને એક જ જીવતા રહેલા પુત્ર ગુરુદત્તની પ્રતિભાનો વિકાસ થયો. નાની વયમાં જ તેમણે ઉર્દૂ, ફારસી, અરબી અને અંગ્રેજી સાહિત્યના ઉંબરે પગ મૂકી દીધો, ગણિતમાં પ્રવીણતા મેળવી લીધી અને એન્ટ્રન્સની પરીક્ષા વખતે સોળ વર્ષના 'વિદ્યાર્થી'નો જ્ઞાનભંડાર વિપુલ બની ગયો. કહેવાય છે કે ગુરુદત્તનો અણસ્પર્શ્યો ભાગ્યે જ કોઈ વિષય રહ્યો હશે.

આવી કુશાગ્ર બુદ્ધિ સાથે તેમનું હૃદય પણ ભાવવિભોર હતું. કૉલેજમાં પ્રવેશ કરતાં પહેલાં જ સુંદર મધુર કાવ્યોની સરવાણી તેમના અંતરતલમાંથી વહી હતી. જ્ઞાનની દીપ્તિ અને હૃદયની ભિનાશ ઉપરાંત જેના પર મહત્તાના મ્હેલ રચાય છે તે સત્યની પ્રીતિ અને ચારિત્ર્યની દૃઢતા પણ તેમના વ્યક્તિત્વ પર ચિરઅંકિત હતાં.

૧૮૮૧માં ગુરુદત્તે લાહોરની ગવર્નમેન્ટ કૉલેજમાં પ્રવેશ કર્યો. તે પહેલાં પણ ધાર્મિક સાહિત્યનું તેમનું પરિશીલન શરૂ થઈ ગયું હતું ને સ્વામી દયાનંદના 'સત્યાર્થપ્રકાશ'ના વાચને તેમને વૈદિક ધર્મ તરફ ખેંચ્યા હતા. પરિણામે ૧૮૮૦ની ૨૦મી જૂને તે 'આર્યસમાજ'માં ભળ્યા અને એક પંડિત પાસે સંસ્કૃત શીખવાનો આરંભ કર્યો. કૉલેજના પહેલા જ વર્ષે 'અંતર્દીપ' (Conscience) ઉપર એક સુંદર લેખ 'Regenerator of Aryavarta' નામના પત્રમાં આપ્યો. આ વખતે તેમના જીવનમાં એક મંથનકાળ બેઠો હતો. પૂર્વી અને પશ્ચિમી તત્ત્વજ્ઞોનું પરિશીલન શિખરે પહોંચ્યું હતું. પિતાની ધર્મશ્રદ્ધા ને માની ભક્તિભાવનામાં ઉછરેલ ગુરુદત્તના જન્મસંસ્કાર જાણે ડગમગવા લાગ્યા. ૧૮૮૨માં તેમણે એક મંડળ સ્થાપ્યું. દરેક ધર્મોના સિદ્ધાંતોનું વૈજ્ઞાનિક ઢબે તેમાં અન્વેષણ થતું. અને બીજા વર્ષમાં ગુરુદત્ત તદ્દન નાસ્તિક બની ગયા. એ જ વર્ષે તેમણે 'ધર્મ' પર વ્યાખ્યાન આપ્યું બુદ્ધિની તીક્ષ્ણતાભર્યા તેમણે ઈશ્વરની હસ્તી સામે પ્રહાર કર્યા.

પણ આ જ વર્ષમાં તેમનું હૃદય-પરિવર્તન કરનો, તેમના જીવનની સમૂચી દિશા બદલી નાખનો પ્રસંગ બન્યો. અજમેરમાં મહર્ષિ દયાનંદ આખરી બાણશય્યા પર પોઢ્યા હતા. લાહોર આર્યસમાજે વિદ્યાર્થીજીને અજમેર મોકલ્યા. સ્વામીજીની સ્થિતિ ગંભીર હતી. કાતિલ ઝેરની અસરથી રોમેરોમે ફોલ્લા ઊઠી આવ્યા હતા. પણ એ પ્રચંડ જોગંદરનું રૂંવાડું તો ફરકે! એ જ પ્રશાંત મુખમુદ્રા, એ જ મધુર સ્મિત, એ જ નિશ્ચલ ચમક! ગુરુદત્ત સ્વામીજીને પહેલાં કોઈ વાર નહોતા મળ્યા. પણ તેમણે પહેલી જ નજરે તેના આત્માની પિછાન કરી લીધી. મૃત્યુ પહેલાં થોડી વારે સ્વામીજીએ ગુરુદત્ત સિવાય બધાને બહાર જવા ફરમાવ્યું. ને એ થોડી એકાંત પળોમાં ગુરુદત્તે આખા જીવનનું ભાથું ભરી લીધું. કહે છે કે સજલ નયને બહાર નીકળતાં તેમના પહેલા શબ્દો આ હતા: 'મેરા નિશ્ચય હો ચૂકા. ઇશ્વર હૈ.'

દારુણ વેદનાને કાળે પડથારે પણ નિષ્કંપ રમતી એ આત્મજ્યોતનો સંદેશ લઈ ગુરુદત્તે પંજાબની ભૂમિ પર પગ મૂક્યો ત્યારે તે સાવ બદલાઈ ગયા હતા. 'દયાનંદ સ્મારક' તરીકે દયાનંદ ઍંગ્લો વૈદિક (ડી. એ. વી.) કૉલેજની સ્થાપનાનો નિશ્ચય થયો. અને ત્યારે લાહોરની જનતા સમક્ષ ગુરુદત્તે સ્વામીજીના એ સ્મરણચિહ્ન કાજે પોતાની હૃદયભેદક વાણી રેલાવી. ત્યાં ને ત્યાં જ ૭૦૦૦ રૂપિયા તેમની થેલીમાં પડ્યા. અને પછી અધ્યયન સાથે કૉલેજ માટે ઠેરઠેર ભાષણો કરવાનો પરિશ્રમ તેમણે ખભે ઉપાડી લીધો. ૧૮૮૫માં તે બી. એ. થયા, ૧૮૮૬માં એમ. એ. પસાર કરી, અને ત્યાર પછી ગવર્નમેન્ટ કૉલેજમાં વિજ્ઞાનના સહાયક અધ્યાપક તરીકે જોડાયા. ગુરુદત્તના વૃદ્ધ પિતાની તબિયત આ વખતે કથળી પડી. બીમાર પિતાની શુશ્રૂષામાં તેમનો થોડો વખત જતો. પણ પુત્ર પર ભારે કામનો કર્તવ્યભાર જોઈને પિતાએ તેને કૉલેજ માટે ઉઘરાણું એકઠું કરવા જવાની રજા આપી. રાવલપીંડીથી એક ભાષણને અંતે રૂ. ૧૨૫૩-૪-૬ ખોબામાં ભરી તે વળતા હતા, ત્યાં રસ્તામાં પિતાના મૃત્યુના ખબર તેમણે સાંભળ્યા.

આ શોકની શિલા તેમના હૃદય પરથી ઊંચકાય તે પહેલાં આર્યસમાજના એક ઉત્સવ પ્રસંગે કૉલેજની પ્રવૃત્તિ પર વ્યાખ્યાનો આપવાનું તેમને નોતરું આવ્યું. થોડા જ દિવસોમાં એ ફરી ઊપડ્યા. ગુરુદત્ત ગમે તેવાનું હૃદય પીગળાવનાર વક્તા હતા. તેઓ અંતરના ઊંડાણેથી ધારાવાહી રીતે બોલતા દયાનંદના જીવનપ્રસંગો નીરૂપતા ત્યારે તો શ્રોતાઓની આંખમાંથી અશ્રુપ્રવાહ વહે જતો.

૧૮૮૭ના દિવસો એમાં ગયા. ૧૮૮૮માં તેમણે મૉનીઅર વિલિયમ્સના 'ભારતીય જ્ઞાન' પર ટીકારૂપે વ્યાખ્યાનમાળા ગોઠવી. સ્વરના શાસ્ત્રનો અભ્યાસ કર્યો અને વૈદિક મંત્રોના ઉચ્ચારની સાચી પદ્ધતિ દાખલ કરી. એ એક જ કાર્ય તેમને પ્રકાંડ વિદ્વત્તાભર્યું બિરુદ આપવા બસ છે. પણ આ જ વરસમાં લાંબી મુસાફરીઓ, સતત વ્યાખ્યાનો, અનિદ્ર અભ્યાસ અને જિજ્ઞાસુઓના શંકાસમાધાન કાજે હરઘડી વહેતી તેમની વાક્ધારાના પરિશ્રમે તેમની મજબૂત કાયા પણ ઘસી નાખી. તેમને ક્ષય લાગુ પડ્યો. છતાં કોઈ તેમને બારણેથી ટહી નિરાશ થઈ પાછું નહોતું ફર્યું. તેમની અહર્નિશ વહેતી પ્રવૃત્તિમાં લેશમાત્ર ફરક નહોતો પડ્યો.

૧૮૮૯ના એપ્રિલમાં, તેમને પ્રોફેસરશિપનો ચાર્જ સોંપી રજા પર ગએલા ડૉ. ઓમન પાછા ફર્યા અને ગુરુદત્તે કૉલેજની નોકરી છોડી. પણ શાંત બેઠા રહે તો એ ગુરુદત્ત વિદ્યાર્થી નહિ. વૈદિક ધર્મમાં પ્રાણ અને પ્રેરણાનાં સરોવરો છલકતાં તેમણે નિહાળ્યાં હતાં. આ તરસી ધરાને તે એનાથી કેમ વંચિત રાખી શકે? 'વૈદિક મૅગેઝીન' નામનું એક સામયિક તેમણે શરૂ કર્યું. એ જ વખતે એક 'મહાભાષ્ય વર્ગ'ની સ્થાપના કરી, અને માંદગીની પકડ જોરદાર બનતી હતી ત્યારે પણ પેશાવર સુધીની લાંબી મજલ કરી ત્યાં 'વેદ' પર એક અજબ સુંદર વ્યાખ્યાન આપ્યું.

પણ આવા પ્રબળ આત્માની ઝીક પળે પળે ક્ષીણ થતું મામૂલી શરીર ઝીલી ન શક્યું. રોગ વધ્યો, ને ૧૮૯૦ની ૧૯મી માર્ચે તેમનો એ સતત કાર્યરત આત્મા ચિરનિદ્રા લેવા પરમ પિતાને બારણે પહોંચી ગયો.

ગુરુદત્તની પ્રતિભા અનેકદેશીય હતી. ઉ...

ફારસી, અરબ્બી, સંસ્કૃત ને અંગ્રેજીના તો તે વિદ્વાન હતા જ; ઉપરાંત ભૌતિકશાસ્ત્ર, ભૂસ્તરવિદ્યા, રસાયનશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, ખગોળશાસ્ત્ર, ગણિત, તત્ત્વદર્શન ને ભાષા વિજ્ઞાનના તે ભોમિયા હતા. કેવળ પ્રખર પાંડિત્ય જ નહિ, પણ એક ધ્યેયને ખાતર મરી મીટનાર જીવનના એલંદાનું ખમીર પણ એમનામાં હતું. માત્ર ૨૬ વર્ષમાં આવી જીવનસિદ્ધિ કોને વરે છે ?

ટાગોર વિષે કોઇએ કહ્યું છે કે કવિતા જો પુરુષદેહે વિચરતી હોય તો રવીન્દ્રનાથ જેવી લાગે. આપણે કહી શકીએ કે વિદ્વત્તા જો પુરુષદેહે અવતરતી હોય તો ગુરુદત્ત સમી દેખાય.

મકરન્દ દવે

આ અંકનું મુખચિત્ર

ભારતીય - તત્ત્વજ્ઞાનમાં કઠોપનિષદ્‌નું મહત્ત્વ ઊંચું છે. તેની ઉત્પત્તિ આ પ્રમાણે મનાય છે. પૂર્વે વાજશ્રવસ્ (ઉદ્દાલક) મુનિ સ્વર્ગસિદ્ધિ માટે વિશ્વજિત્ નામનો યજ્ઞ કરતા હતા. યજ્ઞમાં દાન તરીકે તે પોતાની સર્વપ્રિય વસ્તુઓ આપી દેવા લાગ્યા ત્યારે તેમના બુદ્ધિમાન બાલપુત્ર નચિકેતાએ પૂછ્યું કે તમારી પ્રિય વસ્તુ રૂપ પુત્રને કોને આપશો? મુનિ તેની આ ધૃષ્ટતાથી જરા કુપિત થયા અને બોલી ઊઠ્યાઃ 'તને હું યમને આપું છું' પિતાની આજ્ઞાનું પાલન કરવા તત્પર પુત્ર તુરત યોગબળે યમના દ્વારે પહોંચ્યો. યમરાજ કોઈ કર્તવ્ય અંગે પ્રવાસે ગએલા, તેથી ત્રણ દિવસ અને રાત સુધી નચિકેતા બારણે ઉપવાસ કરતો આસન લગાવી બેઠો. યમરાજ આવી પહોંચ્યા ત્યારે આ પવિત્ર બ્રાહ્મણ બાળક પોતાને દ્વારે ઉપવાસ પામ્યો તે જાણી ખિન્ન થયા અને કહ્યું કે તારા જેવા પવિત્ર આત્મા માટે આ સ્થાન નથી. હું તારા પર પ્રસન્ન છું. તને ત્રણ દિવસના ઉપવાસ થયા તે નિમિત્ત તું ત્રણ વર માગી લે અને પાછો જા. મહાબુદ્ધિમાન નચિકેતાએ પ્રથમ માગ્યું કે તેના પિતાની તેના પર પ્રસન્નતા થાય અને તેમની ભાવના પૂર્ણ થાય. બીજા વર માટે પ્રશ્ન કર્યો કે સ્વર્ગપ્રાપ્તિ અને દેવભાવ શી રીતે સિદ્ધ થાય અને તેનું રહસ્ય શું? ને ત્રીજા વરમાં પૂછ્યું, મૃત્યુ પછી આત્માનું શું થાય છે. એ ત્રીજા પ્રશ્નને બદલે યમરાજાએ જગતનું ઐશ્વર્ય, ધનધાન્ય, પુત્રપરિવાર અને સુખોપભોગ માગી લેવા કહ્યું. પણ નચિકેતા તેના પ્રશ્નમાં અડગ રહ્યો એટલે એ સત્ય ધૈર્યવાળા એ કુમારને યમરાજાએ જે ઉપદેશ આપ્યો તે 'કઠ' નામના ઉપનિષદ તરીકે પ્રસિદ્ધ છે. 'ઉત્તિષ્ઠત, જાગૃત, પ્રાપ્ય વરાન્નિબોધત' જેવાં વાકયો એ જ ઉપનિષદનાં છે.

તરુણ રશિયાની જયગાથા [૨]

ઝોયા

ઝોયા કૉસ્મો ડેમ્યાન્સ્કાયા ૧૯૨૩માં ઓસિનોવીગાથી નામે ગામમાં જન્મી હતી. નાનાથી જ ભય શું છે તે એ જાણતી નહોતી.

આઠમે વર્ષે ઝોયા નિશાળે બેઠી, અને 'પાયોનિયર' નામે વાનરસેનામાં ભળી. પાયોનિયરથી બીડી પીવાય નહિ, ખોટું બોલાય નહિ; માબાપ, મોટેરાં તથા મહેતાજીનો અનાદર કરાય નહિ. આત્મસંયમ, જીવદયા તથા સમાજસેવા એણે શીખવાં જોઇએ. નિશાળમાં તે પહેલો નંબર રાખતી.

દસ વર્ષની થતાં તેના પિતા મરી ગયા. રોતી માને ઝોયા આશ્વાસન આપે ને કહે, 'ચિંતા કર મા, હું મોટી થઇને તારી સંભાળ લઈશ.'

પંદરમે વર્ષે ઝોયા 'પાયોનિયર'માંથી નીકળીને 'કૉમ્સોમોલ' (રશિયન તરુણસંઘ)માં ભળી. એને ઘેર કામવાળી આવતી તેને એણે વાંચતાં લખતાં શીખવ્યું, તથા બીજી છોકરીઓ આગળથી વચન લીધું, કે તે દસ દસ અભણ સ્રીઓને વાંચતાં લખતાં શીખવશે.

ઝોયાની મા ચાર કારખાનાંમાં મહેતીજી હતી, તેમાં એનો આખો દિવસ રૂંધાઇ જાય. પણ એ ઘેર આવે ત્યાં ઝોયાએ રસોઈ કરીને ઘર ધોઈ મુકયું હોય. ઝોયાનું વાચન વિશાળ હતું, અને એ નિબંધ એવા સરસ લખતી કે મહેતાજી તે વર્ગ આગળ વાંચી સંભળાવતા.

એની ડાયરીમાં ઝોયાએ ચેખોવનું આ વાકય લખી રાખ્યું હતુંઃ 'માણસને લગતી એકેએક ચીજ સુંદર હોવી જોઇએ-એનું મુખ, એનાં વસ્ત્ર, એના વિચાર, એનો આત્મા.'

હાઇસ્કૂલના વિદ્યાર્થીઓએ લેવાની લશ્કરી કેળવણી ઝોયાએ લીધી, અને લક્ષ્ય વીંધવામાં એ કુશળ બની. શુદ્ધ જીવનનો ઝોયા બહુ આગ્રહ રાખતી. પોતે તો બીડી કે મદ્ય ન જ પીએ, પણ માના મોઢામાંથી પણ ધીરે રહીને સિગારેટ ખેંચી લ્યે ને ફગાવી દ્યે.

ઝોયાનું કામ આમ ચાલતું હતું ત્યાં રશિયા ઉપર જર્મન ચડી આવ્યા. ઝોયાને થયું 'પુરુષો રણાંગણે જાય છે એમ છોકરીઓને પણ જવા દેતા હોય તો?'

મૉસ્કો ઉપર જર્મન બૉમ્બ પડયા ત્યારે ઝોયાએ આગ ઠારવાનું કામ કર્યું; પછી કારખાનામાં કામ કર્યું તથા ખેતરમાંથી બટેટાં ખોદ્યાં. પણ એટલાથી એને સંતોષ ન થયો, અને એ અનિયત સેના(ગેરિલા)માં ભળી ગઇ.

પેટ્રિશ્ચેવોને જર્મને પોતાનું વિશ્રામભવન બનાવ્યું હતું ત્યાં બીજા દસ જણને લઇને ઝોયા ગઈ તથા કેટલાંક ઘરને આગ લગાડી, અને ટેલિફોનના તાર કાપી નાખ્યા; પણ આગથી બહુ નુકસાન થાય તે પહેલાં જર્મને તે ઠારી નાખી. પરંતુ ઝોયા એમ હારે એવી નહોતી. પુરુષનાં કપડાં પહેરી, બેન્ઝાઇનની શીશીઓ, દીવાસળી, રિવૉલ્વર વગેરે લઈ તે બીજે દિવસે એ જ ગામમાં પહોંચી. ત્યાં જઈ તેણે બેન્ઝાઈન લાકડાની ચીપ ઉપર રેડી દીવાસળી સળગાવી, પણ તે ભાંગી ગઇ. ઝોયા બીજી દીવાસળી સળગાવવા જાય છે ત્યાં પાછળથી જર્મને આવીને એના હાથ બાંધ્યા ને એને એક ખેડૂતના ઘરમાં લઈ ગયા. ત્યાં એને પૂછ્યું કે 'તને કોણે મોકલી? તારા સાથી કોણ છે ને કયાં છે?' ઉત્તરમાં ઝોયા કાં તો ચૂપ રહી, ને કાં બોલી કે પોતે જાણતી નથી, અથવા કહેવા ઇચ્છતી નથી.

'તું જાણતી નથી એમ ને?' એમ કરીને જર્મન અમલદારે એને દસ ફટકા મરાવ્યા, ને પછી પૂછ્યું, 'હવે કહીશ કે ગેરિલા કયાં છે?'

'ના, નહિ કહું', ઝોયા બોલી. એટલે એને બીજા દસ ફટકા માર્યા. ઝોયાનાં લુગડાં લોહીલોહી થઈ ગયાં, પણ તે રોઈ નહિ, ને કાંઇ બોલી પણ નહિ. એની આગળથી સમાચાર મેળવવાની જર્મને આશા છોડી.

ચૉકમાં ફાંસી તૈયાર હતી. ઉપરની આડીથી દોરડું લટકતું હતું. એની નીચે એક ઉપર બીજી એમ બે પેટી મૂકી હતી. આ વધસ્થાને ઝોયાને લઈ આવ્યા. એના શરીર ઉપર જર્મને નાનું પાટિયું લટકાવ્યું હતું, ને 'ઘર બાળનારી' એવું તે ઉપર લખ્યું હતું. એને ઉપાડીને ઉપલી પેટી ઉપર ઊભી કરી તથા એના ગળામાં ફાંસો નાખ્યો. ગામડાના ખેડૂતોને વધસ્થાને બોલાવ્યા હતા, તે ડુસકાં ભરતા હતા. એને ઉદ્દેશીને ઝોયા બોલીઃ

'ભાઇઓ, આમ ઉદાસ કેમ દેખાઓ છો? શૂરા બનો, લડયા કરો ને જર્મનનો નાશ કરો.'

ફાંસિયાએ દોરડું ખેંચ્યું. અતિમાનવ પ્રયત્ન કરી, પોતાને ગૂંગળાવવા મંડેલી ગાંઠ હાથે ઢીલી કરી ઝોયા બોલીઃ 'રામરામ, ભાઈ. લડયા કરો. સ્ટૅલિન આપણી સાથે છે.'

આ એના છેલ્લા શબ્દો હતા.

ફાંસિયાએ પેટીને પાટુ મારીને ખસેડી અને ઝોયા અધર લટકી રહી.

આ બનાવ ડિસેમ્બરની પાંચમીએ બન્યો. પચીસમી લગી ઝોયાનું શબ લટકતું રહ્યું. પછી જર્મન પલાયા, એટલે ખેડૂતે એને નિશાળના પાછલા વાડામાં દફનાવ્યું.

(હિંડસ કૃત 'મધર રશિયા' પરથી) દે. વા.



રોગ નિવારક, આરોગ્યદાયક ને શક્તિવર્ધક કસરતો · ચિત્રો માટે જુઓ સામેનો લેખ (ચિત્રો: કૉપીરાઈટ ક.મ.શા.)
આ બધી કસરતો માટે શ્વાસોચ્છ્વાસનો આ એક સામાન્ય નિયમ ખાસ ધ્યાનમાં રાખવો. કોઈપણ ક્રિયા ચાલુ હોય ત્યારે શ્વાસને રોકી રાખવો, ને ક્રિયા બંધ થાય ત્યારે છોડી દેવો. દાખલા તરીકે કસરત નં. ૧ તથા ૨માં હાથ ને પગ ઊંચા કરવા શરૂ કરો તે જ વખતે શ્વાસ લો; ને પગ ઊંચો કરી, પકડી, સ્થિર રાખો ત્યાં સુધી શ્વાસને રોકી રાખો. પગ છૂટીને પાછો મૂળ સ્થાને જાય ત્યારે જ શ્વાસ છોડવો. શ્વાસ રોકેલો હોય ત્યાં લગી, બને ત્યાં સુધી કાંઇ હાલચાલ ન કરવી. ન રહી શકાય તો સ્થિર થઈ પૂરો શ્વાસ લઈ ફરી શરૂઆત કરવી. બધી જ નાની મોટી કસરતોમાં આ નિયમ જાળવવો.

રોગનિવારક, આરોગ્યદાયક અને શક્તિવર્ધક કસરતો



વ્યાયામાચાર્ય ભદ્રશંકર દીક્ષિત

આ સાથે આપેલાં વ્યાયામચિત્રોના મુખ્ય પ્રેરક વ્યાયામાચાર્ય શ્રી ભદ્રશંકર દીક્ષિતે આજ ચાલીસ વર્ષથી વ્યાયામને આજીવન વ્યવસાય બનાવી પોતાની કાયાને સુદૃઢ બનાવી છે, એટલું જ નહિ પણ વ્યાયામના અનેક પ્રકારોનો અને મર્દન (મસાજ)નો પૂર્ણ અનુભવ પ્રાપ્ત કરી અનેક પ્રસિદ્ધ-અપ્રસિદ્ધ જનોને પોતાના પ્રયોગો ને ઉપચારથી આરોગ્યના ભોક્તા બનાવ્યા છે. આ યુગનાં દર્દો ને તેનાં કારણો તેમણે બરોબર તપાસ્યાં છે તેમના પરિચયમાં આવેલા લગભગ બધા જ દર્દી જૂના ઉપચારોથી કાયર થએલા હતા; પરંતુ તેમની ચિકિત્સા પ્રમાણે પેટ ને આંતરડાંની સરળ કસરતો દ્વારા પ્રાણવાયુ (ઑક્સિજન)નો યોગ્ય સંચય કરતાં શીખી રોગમુક્ત બનતા જાય છે. આ જમાનામાં વિદ્યાર્થી-જીવનમાં અભ્યાસનો બોજો અને પુખ્ત વયમાં વ્યવહારની ચિંતા વગેરેથી શરીરમાં અનેક પ્રકારનાં ઝેર ઉત્પન્ન થાય છે. તે નિવારવા પૂરતો વ્યાયામ કોઇ નિયમિતપણે કરતું નથી અને દવાઓના કૃત્રિમ ઉપચારો પાછળ વધુ ને વધુ બીમારીમાં જકડાયા કરે છે. તેવા સૌને માટે તેમણે પોતાના દીર્ઘ અનુભવથી "બગર સાધને, ઘેર બેઠાં, દરેક માણસને દવા વિના રોગનિવારણ ને આરોગ્ય તેમજ શક્તિ મળી રહે તેવી સરળ અને લાભકારક કસરતો" યોજી છે. આ કસરતો તેમની પાસે પ્રત્યક્ષપણે જાણી લીધા પછી મને પોતાને જ એક માસના પ્રયોગે અત્યંત લાભદાયક જણાવાથી, મેં તેના ચિત્રો તૈયાર કર્યા, અને તેમની પાસે મંજૂર કરાવી તે દરેક પર તેમની જ સૂચનાઓ સાથે અહીં પ્રકટ કર્યા છે. આ પ્રયોગો રોજની સાતથી પચીસ મિનિટ સુધી લંબાવી શકાય. એથી નાનાં આંતરડાં તાકાત મેળવે છે અને વાયુઓ આપોઆપ છુટા થઈ જાય છે, એટલું જ નહિ પણ પાચનક્રિયા સુધરે છે, લોહીનું અભિસરણ ઉત્તેજન પામે છે, શ્વાસોચ્છ્વાસ વ્યવસ્થિત ને ભરપૂર બને છે તથા શાન્ત નિદ્રા મળે છે. આ રીતે દવાઓ વિના જ આંતરિક વિશુદ્ધિ થતાં જીવન પ્રસન્ન અને ઉત્સાહી બને તે સ્વાભવિક છે. ખાસ રોગો કે દર્દોથી પીડાતા જનો તેમની સલાહ અને સમાગમથી જરૂર લાભ મેળવી શકશે.

ર. મ. રાવળ

પેટની કસરતો

ચિત્ર ૧: સીધા ટટ્ટાર સૂઇને હાથ તથા ઘૂંટણ અક્કડ રાખી, ચિત્રમાં બતાવ્યા પ્રમાણે જમણા હાથથી જમણા પગનો અંગૂઠો પકડો, અને પછી ધીમે ધીમે મૂકી દઈ બંનેને જમીન તરફ પાછા મૂળ સ્થાને લઈ જાઓ. એ જ રીતે ડાબા હાથથી ડાબા પગનો અંગૂઠો પકડીને તે પાછા મૂળ સ્થાને લઇ જવાની ક્રિયા કરો. **ચિત્ર ૨:** નં. ૧ મુજબ જ, પરંતુ હાથ અને પગની ઉલટાસુલટી ક્રિયા. એટલેકે જમણા હાથથી ડાબા પગનો ને ડાબા હાથથી જમણા પગનો અંગૂઠો વારાફરતી પકડી થોડીવાર સ્થિર રાખી મૂળ સ્થાને ધીમે ધીમે લઇ જાઓ.

ચિત્ર ૩: ચત્તા સૂઈ, ડાબો પગ જમણા પર મૂકી, પગની ઘૂંટી પાસેથી, અને જમણો હાથ ડાબા પર મૂકી કાંડા પાસેથી બંનેની આંટી મારો. હવે એ આંટી મારેલી સ્થિતિમાં બંને પગ ને હાથને ધીમે ધીમે ઊંચા કરી બને પગના અંગૂઠા બંને હાથ વડે પકડો ને થોડી-વાર સ્થિર રાખી ધીમેધીમે છોડી મૂળ સ્થાને લઇ જાઓ. આ જ રીતે હવે આગાઉ કરતાં ઉલટી રીતે, આંટી મારો ને ઉપલી ક્રિયા કરો. **ચિત્ર ૪.** નં ૩ની માફક જ, પણ આંટી માર્યા વિના, માત્ર બંને હાથ અને બંને પગને સીધા સામસામા ઊંચા કરી અંગૂઠા પકડવા. ક્રિયા વખતે હાથ કે પગને વળવા દેવા નહિ યા માથું છાતી કે ખભાને જમીનથી અદ્ધર થવા દેવા નહિ.

ચિત્ર ૫: ચત્તા ટટ્ટાર સૂઈ બંને પગના અંગૂઠા જમીન તરફ ઢળતા ને બંને હાથ કાનને અડીને સીધા રાખો. પછી હાથને તે જ સ્થિતિમાં રાખી, પેટ પર જરાપણ આંચકો ન આવે તે રીતે.. પરંતુ તે પર દબાણ આવે એ રીતે ધીરેથી બેઠા થાઓ. પછી ધીમે ધીમે કમ્મર-માંથી વળી બંને હાથનાં આંગળાં પગના અંગૂઠાઓની લગોલગ લઈ જાઓ. (આ વખતે ઘૂંટણમાંથી પગ જરા પણ વળવા ન જોઇએ.) બની શકે તો હજી વધુ વાંકા વળી, હાથનાં આંગળાં પગના બંને અંગૂઠાઓની બહાર કાઢી નાખો. હવે ધીમેથી હાથને સીધાને સીધા ઉઠાવી, જરા પણ ઉતાવળ વિના પાછા મૂળ સ્થિતિમાં જમીન પર સૂઈ જાઓ. આ ક્રિયા શરૂઆતમાં પાંચ વખત કરવી; પછી શક્તિના પ્રમાણમાં વધારતા જવી. **ચિત્ર ૬:** ટટ્ટાર ચત્તા સૂઈ, છાતી પર બંને હાથની અદબ ભીડો અને તે જ સ્થિતિમાં ધીમેથી બેઠા થઈ, પેટને જરા અંદરના ભાગમાં સંકોચી, કમ્મર-માંથી વાંકા વળી, માથાનો ભાગ ઘૂંટણ તરફ જેટલો નમે તેટલો નમાવો, ને વળાય તેટલા વાંકા વળો. બને તેટલી વાર આ મુજબ કરો. **ચિત્ર ૭:** ચત્તા સૂઈ, પગ જમીન તરફ ઢળતા રાખીને બંને હાથ વડે બંને ખભા પકડી, ધીમે-થી બેઠા થાઓ ને ચાર પાંચ વખત આ ક્રિયા કરતાં કરતાં માથું બને તેટલું નીચું નમાવતા જઇ કપાળ ઘૂંટણને અડી શકે તેટલા વાંકા વળવાનો પ્રયત્ન કરો. ઘૂંટણ ટટ્ટાર જ રહે. **ચિત્ર ૮:** બંને હાથના આંકડા ભીડી એમ જોડેલા હાથ ગરદન પાછળ રાખી નં. ૭ની માફક જ કરો અને પેટ પર વજન આપી કમ્મરમાંથી વળાય તેટલા વળો. પણ હાથના આંકડાથી પકડેલી ગરદન છોડવી નહિ. આ રીતે ૪-૫ વખત આગળ પાછળ જાઓ અને પછી તે જ સ્થિતિમાં સૂઈ જાઓ. **ચિત્ર ૯:** બંને હાથ કમર પર મૂકી પડખામાંથી કમ્મર પકડી રાખી ઉપરની કસરતો માફક જ કરો. **ચિત્ર ૧૦:** નં ૫થી ૯ સુધીની કસરતો માફક જ, પણ તેના કરતાં જરા મુશ્કેલ આ કસરત છે; કેમકે આમાં હાથને કાનની લગોલગ રાખી, તે જ સ્થિતિમાં જમીનથી લગભગ અરધા અદ્ધર થઇ પછી ત્યાં જ સ્થિર થઇ રહેવાનું છે; આખા બેઠા થવાનું નથી. બંને પગને જરા પણ ઢીલા થવા દીધા સિવાય. સીધા જ જમીન તરફ ઢળતા રાખો. અરધી અદ્ધર સ્થિતિમાં શક્તિ મુજબ સ્થિર રહો, ધીમેથી પાછા જમીન પર જાઓ.

નં ૧થી ૪માં હાથપગની હીલચાલ સાથે પેટ પર થોડું વજન આવે છે; પણ નં. ૫થી ૧૦માં ખાસ પેટ પર જ વજન આવે છે, જેથી આંતરડાં કિડની અને લિવર મજબૂત થાય છે. આથી કબજિયાત દૂર થાય છે, આંતરડાંની નબળાઇ તથા જડતા નાશ પામે છે, પેટ કે પેઢુમાં વધારેપડતી ચરબી હોય એ ઘટે છે, પાચન શક્તિ વધે છે ને સાચી ભૂખ લાગે છે.

કમ્મર કેડસાં ને ગળાની કસરતો

ચિત્ર ૧૧: ચત્તા સૂઇ, બંને હાથના આંકડા ભીડી તે પર વચ્ચે માથું રાખી, માત્ર કમ્મર-નો ભાગ જ પગ સાથે ઊંચો કરો. એ વેળા પાનીઓને જમીન પર સજ્જડ રાખો. આમ યથાશક્તિ થોડો વખત સ્થિર રહી ધીમેથી કમ્મર જમીનને અડવા દો. આ ક્રિયા ઓછા-માં ઓછી ૧૦ વખત કરો ને પછી ધીમે ધીમે સંખ્યા વધારો. **ચિત્ર ૧૨:** નં.૧૧ માફક જ; પણ બંને હાથે કમ્મર પકડી માથું, પગ તથા કમ્મર જમીન પર ચોંટેલાં રહેવા દઇ આમાં

રથયાત્રા

મૂળ લેખક • રવીન્દ્રનાથ ઠાકુર



રથયાત્રાનો દિવસ આવ્યો. એટલે રાણીએ રાજાને કહ્યું, 'ચાલો રથ જોવા જઇએ.'

રાજા બોલ્યા, 'ભલે.'

ઘોડારમાંથી ઘોડા નીકળ્યા, હાથીખાનામાંથી હાથી નીકળ્યા; હારબંધ મયૂરપંખી પાલખીઓ નીકળી ને ભાલાવાળા સિપાઇ-સંત્રીઓની કતાર ચાલી; દાસદાસીઓનાં ટોળાં પાછળ ચાલ્યાં.

રહી ગયો માત્ર એક જણ. મહેલની સાવરણી માટે સળીઓ વીણવાનું તેનું કામ હતું.

સરદારે આવીને દયા ખાઇ કહ્યું, 'તારે ય આવવું હોય તો ચાલ.'

તે હાથ જોડી બોલ્યો, 'મારે જવા નું નથી.'

રાજાને કાને વાત ગઇ. બધા ય જાય છે, પણ માત્ર પેલો દુખિયો જતો નથી.

રાજાએ મનમાં દયા લાવી મંત્રીને કહ્યું, 'એને ય બોલાવી લો.'

રસ્તાની બાજુએ તેનું ઘર હતું. હાથી જ્યારે ત્યાં પહોંચ્યો ત્યારે મંત્રીએ તેને બોલાવીને કહ્યું, 'અરે દુખિયા, દેવદર્શને ચાલ.'

તે હાથ જોડી બોલ્યો, 'મારાથી તે કેટલુંક ચલાય ? પ્રભુના દ્વાર સુધી પહોંચવાનું કાંઇ મારાથી બની શકે ?'

મંત્રીએ કહ્યું, 'શું બીએ છે ? રાજાની સાથે ચાલને.'

તેણે કહ્યું, 'અરે રામ, રાજાનો રસ્તો એ કાંઇ મારો રસ્તો થોડો છે ?'

મંત્રીએ કહ્યું, 'ત્યારે શું થાય ? તારા ભાગ્યમાં ત્યારે રથયાત્રા જોવાની નહિ હોય.'

તે કહે, 'એ તો જોવાનો. દેવ તો રથે ચડી મારે બારણે આવે છે.'

મંત્રી હસી પડચા. કહ્યું, 'તારે બારણે રથનાં ચિહ્ન કચાં ?'

તે કહે, 'તેના રથનાં ચિહ્ન જ પડે નહિ.'

મંત્રીએ કહ્યું, 'કેમ? કહે તો.'

તે કહે, 'તે તો આવે છે પુષ્પક રથમાં.'

મંત્રીએ કહ્યું, 'કયાં છે અલ્યા તે રથ ?'

દુખિયાએ બતાવી આપ્યો: તેના બારણાની બે ય બાજુએ બે સૂર્યમુખી ખીલેલાં.

વિનોદ કોઠારી

('લિપિકા'માંના મૂળ બંગાળીનો અનુવાદ)

માત્ર છાતી અને ડોકનો ભાગ જ ઊંચો કરવો અને બનાય ત્યાં સુધી અદ્ધર રાખી ધીમેથી નીચે જવું. ૧૦થી ૧૧ વખત આ મુજબ કરો.

મહાવરો થયા પછી નં.૧૧ ને ૧૨ની બંને કસરતો જોડી દેવી. બંને હાથ પડખામાં જડેલા રાખી, જમીન પર માત્ર માથું ને પાનીઓ જ ચોંટેલી રહેવા દઈ બાકીનું શરીર જમીનથી અદ્ધર કરવું. આ જરા મુશ્કેલ છે; પણ તેથી સારામાં સારી કસરત મળે છે.

પેટ, પેડુ અને સાથળની કસરતો

ચિત્ર ૧૩: ચત્તા સૂઇ, બંને હાથના આંકડા ગરદન પાછળ ભીડી રાખી બંને પગ ઊંચા કરીને તેમને વારાફરતી પગની ઘૂંટી પાસેથી આંટીઓ નાખો. પગ તદ્દન સીધા રહે. આ ક્રિયા જરા ઝડપથી કરો. ઓછામાં ઓછી શરૂઆત ૨૦થી કરો. પેટમાં જ્યાં મેદ વધવાની શરૂઆત થાય છે તે ભાગને આથી સારી કસરત મળે છે.

ચિત્ર ૧૪: ચત્તા સૂઇ, બંને પગ વાળી, ઘૂંટણ છાતીને અડાડી, પગ ફરતા હાથના આંકડા ભીડીને આગળપાછળ ઝોલા ખાઓ. પગ જમીન પર જતી વખતે આંગળાં જમીન લગભગ આવવા છતાં જમીનને અડે નહિ, ને પાછળ જતી વખતે ખભા પણ જમીન લગભગ આવે છતાં અડે નહિ. જમીન પર માત્ર બરડા-કરોડનો ભાગ જ રહે. ક્રિયા વખતે પેટને અંદર સંકોચી ઘૂંટણને છાતી પર દાબતા રાખવા. આમ ૧૫-૨૦ વખત ઝોલા ખાઓ.

ચિત્ર ૧૫: નં. ૧૪ની માફક જ, પણ એક પગ દબાવેલો રાખી, બીજા છુટા પગને આગળ પાછળ ઝોલા દો. પછી એ જ રીતે બીજા પગને કરો. નં ૧૪ની કસરતથી જામત થએલો પેટનો ગૅસ આ કસરતમાં છુટા પગની બાજુ જશે ને આમ વારાફરતી છુટા પગની તરફ હટતો જવાથી પવન છૂટી જશે. આ ક્રિયા ૨૫ વખત કરવી. **ચિત્ર ૧૬:** ચત્તા સૂઇ, હાથ માથા પાછળ રાખીને, બંને પગ ઊંચા કરી પછી સાથળના મૂળમાંથી બંને પગને વારાફરતી એવી રીતે હલાવો કે એક પગ સીધો માથા તરફ જાય ને બીજો સીધો જમીન તરફ. આમ ૨૫ વખત કરો. માથાને બદલે બંને હાથ કમ્મર નીચે રાખીને કરવામાં પણ હરકત નથી.

એપેન્ડીસાઇટિસ ન થવા દેનારી

ચિત્ર ૧૭: ચત્તા સૂઈ, બંને પગ ઊંચકી, કોણીને ટેકે રાખેલા બંને હાથના પંજામાં કમ્મર ટેકવો. હવે કમ્મરને પેટ તરફ વાળી પગને જોડાજોડ જ રહેવા દઈ માથા તરફ નમાવો, અને તે વેળા પેટને અંદર સંકોચતા જાઓ. આમ ૩ મિનિટ સ્થિર રહો. પછી બંને પગને વારાફરતી માથા તરફ અને જમીન તરફ લઇ જાઓ. ૧૦થી ૧૫ વખત આમ કરો.

ચિત્ર ૧૮: ઊંધા ટટ્ટાર સૂઇ, બંને હાથ બે પડખામાં સીધા લાંબા રાખીને (ચિત્રમાં આટલો ફેરફાર સમજવો) ધીમેથી માથું ઊંચું કરી છત તરફ જોતાંજોતાં અદ્ધર થવું જેથી, માથુ ડોક અને છાતી જમીનથી ઉચકાશે અને કમ્મર પર ખૂબ વજન આવશે. આથી કમ્મરનો દુખાવો તથા નબળાઈ દૂર થશે. આ ક્રિયા ૧૦થી ૧૫ વખત કરવી અને બની શકે તેટલું ઊંચા થવા યત્ન કરવો. **ચિત્ર ૧૯:** ઊંધા સૂઇ બંને હાથને માથાતરફ લંબાવો અને તરતી વેળા પાણી કાપતા હોઇએ તેમ હાથ પહોળા કરી પડખામાં લઈ જાઓ. હાથ પડખા તરફ જાય ત્યારે નં. ૧૮ની માફક આગલો ભાગ ઊંચકી છત તરફ જુઓ. ૧૦ વખતથી શરૂ કરી પાછળથી ક્રમ વધારો. કમ્મર સાથે છાતી અને ખભા મજબૂત બનશે. **ચિત્ર ૨૦:** ઊંધા સૂઈ બંને પગના અંગૂઠા પકડી એવી રીતે ઝોલા ખાઓ કે બધું અદ્ધર રહીને માત્ર પેટ ઉપર જ શરીર ટેકાય ૧૦-૧૫ ઝોલાથી શરૂ કરી ધીમેધીમે વધારો. કમ્મર, સાથળ, પીંડી, છાતી, ડોક, હાથ બધાં આથી મજબૂત થશે.

ચિત્ર ૨૧: પલોંઠી વાળીને કમ્મરમાંથી ટટ્ટાર બેસો. હાથની પાછળ અદબ વાળો. ધીમેધીમે કમ્મરમાંથી વળી નીચે આવતા જઇ બે ઘૂંટણની વચ્ચે જમીન પર કપાળને અડાડો. ફરી ધીમેથી ટટ્ટાર થાઓ. ૨૦-૨૫ વખત આ ક્રિયા કરો. **ચિત્ર ૨૨:** નં.૨૧ માફક બેસી જમણી બાજુ વળતાંવળતાં ઠેઠ જમણા ઘૂંટણ સામે કપાળ જમીને અડાડો, ને એ જ રીતે ડાબી બાજુ કરો. ૧૦ વાર કરો. **ચિત્ર ૨૩:** નં. ૨૨ માફક જ. પણ હાથની અદબ પાછળને બદલે આગળ છાતી પર વાળી લોલકની માફક ડાબાજમણી નમાય તેટલું નમો. કોણી નડતી હોય તો તેને પેટ તરફ સંકોચી લેવી. આ બંને કસરતો પેટ અને પડખાં મજબૂત થવા સાથે લિવર અને કિડનીના વ્યાધિ મટાડશે. **ચિત્ર ૨૪:** પલોંઠી અને પાછળ અદબ વાળી જમણા ઘૂંટણ સુધી વળો પછી ધીમેધીમે પડખાંડે નમતા જાઓ. બરો-

બાર વચ્ચે પહોંચો ત્યાં થોડા સેકંડ અટકો, ને ડાબા ઘૂંટણ સુધી આવી અર્ધગોળ પૂરો કરો. વચ્ચે અટકવું ચૂકશો નહિ. તેથી પેટ પર વજન આવી ખૂબ મજબૂત બનશે.

ચિત્ર ૨૫: શ્વાસોચ્છ્વાસ (પ્રાણાયામ)-ની કસરત. પ્રાણાયામમાં ત્રણ ક્રિયા હોય છે: શ્વાસ લેવો. રોકવો અને મૂકવો, જેને અનુક્રમે પૂરક, કુંભક અને રેચક કહે છે. પ્રાણાયામના તો અનેક પ્રકાર છે, પણ અહીં તેની માત્ર પ્રાથમિક અને શુદ્ધ પ્રાણવાયુ લઈ ઘર્ષણથી શ્વાસનળી ચોખ્ખી કરવાની ક્રિયા આપી છે, જેનાથી શરદી–સળેખમ નાબૂદ થઇ જાય છે. પલોંઠી વાળી ટટ્ટાર બેસો. હાથ ઘૂંટણ પર માત્ર અડાડી રાખો. હવે ધમણની માફક શ્વાસ અંદર લો અને બહાર કાઢો. પ્રાણાયામમાં શ્વાસ રોકવાની ક્રિયા આવે છે તે આમાં નથી. વળી તેમાં એક નસકોરાથી લઇ બીજાથી છોડવાનો હોય છે તે પણ આમાં નથી. માત્ર ધમણની માફક ઝડપથી શ્વાસ લો અને મૂકો. શ્વાસ ખૂબ ઊંડે સુધી લાંબો લો અને ફેફસાં તદ્દન ખાલી થઇ જાય એ રીતે લાંબો છોડો. ફેફસાંની રચના વાદળી જેવી છિદ્રાળુ હોય છે. એ છિદ્રોમાં અરધો વાયુ તો અંદરની જગ્યા રોકીને પડેલો જ હોય છે, એટલે બહારથી લીધેલા વાયુને રહેવા પૂરતો અવકાશ હોતો નથી. માટે આ ક્રિયા એવી છે કે તેના ઘર્ષણથી અંદરનો વાયુ બધો બહાર નીકળી જાય અને શુદ્ધ પ્રાણવાયુ વધારે પ્રમાણમાં અંદર જઇ શકે. આ ઘર્ષણની ક્રિયા.થી તેમાં ભરાઈ રહેલી ચિકાશ કે શ્લેષ્મ પણ દૂર થાય છે. શ્વાસનું ઘર્ષણ એટલા જોરથી કરવું કે સામે બેઠેલો માણસ પણ તે સાંભળી શકે. થાકી જવાય એટલે થોડો આરામ લઇ ફરી કરવી; ને દરેક વખતે ૧૦થી ૧૫ શ્વાસોચ્છ્વાસ તો લેવા જ. આ ઘર્ષણ ને ઝડપથી શ્વાસનળી ઉપરાંત ફેફસાં પેટ ને પેડુને પણ કસરત મળશે. **ચિત્ર ૨૬:** પલોંઠી વાળી ટટ્ટાર બેસી બંને હાથ પડખામાં જમીન પર મૂકો. પછી ધીમેથી હાથ ઉંચકતા જઈ તેની સાથે શ્વાસ લેતા જાઓ, અને હાથ માથા પાછળ પહોંચી ત્યાં આંકડા બીડાય ત્યારે શ્વાસ રોકી કુંભક કરો. ને એ કુંભક ચાલુ રાખી આંકડા બીડેલા હાથ ઊંચે લઈ જાઓ. પછી ધીમેથી આંકડા છોડી ધીરેધીરે હાથ મૂળ સ્થિતિએ લાવો એટલે તેની સાથોસાથ અંદર ભરાએલો શ્વાસ ધીમેથી નીકળતો આવશે. હાથ ઊંચા લેતી વખતે ફેફસાં ઉંચકાશે ને અંદર હવા ભરાશે; નીચે ઉતારતી વેળા સંકોચાઇને હવા નીકળી જશે. ૪થી ૫ ક્રિયાથી શરૂઆત કરી ધીરેધીરે મહાવરો વધારો. બીજી કસરતોથી લાગેલો શ્રમ આ ક્રિયા કર્યાથી ઓછો થઇ જશે.

ચિત્ર ૨૭ તથા ચિત્ર ૨૭ અ: બે પગ વચ્ચે ૭ ઇંચનું અંતર રાખી ટટ્ટાર ઊભા રહો અને હાથ સીધા સામે લંબાવી, માત્ર કમ્મરમાંથી જ શરીરનો ઉપલો ભાગ ફેરવીને, બંને હાથને બેત્રણવાર ડાબાજમણી ધુમાવો; એ પ્રમાણે કરતાં હાથને જેટલા પાછળ લઈ જઈ શકાય તેટલા લઈ જાઓ. પછી (આ. ૨૭ અ) ડાબો હાથ જમણા પગ સુધી પહોંચાડો ને જમણો હાથ પાછળ ફેરવી સીધા થઈ જાઓ. આ જ પ્રમાણે બીજા હાથની ઉલટી ક્રિયા કરો.

ચિત્ર ૨૮: બે પગ વચ્ચે ૭ ઇંચનું અંતર રાખી તથા બે હાથ પડખામાં સીધા રાખી ટટ્ટાર ઊભા રહો. હવે એક હાથને સાથળની બાજુમાંથી એવી રીતે નીચે ઉતારતા જાઓ કે કોણીમાંથી વળ્યા સિવાય તે ઘૂંટણની નીચે સુધી પહોંચે, ને તેની સાથોસાથ બીજો હાથ ઊંચો ચડતો જાય. એ વખતે ધડ માત્ર કમ્મરમાંથી તે બાજુ તરફ વળે. આ પ્રમાણે બંને હાથને ડાબાજમણી હીલચાલ આપવી. ૨૦ વખત આ ક્રિયા જરૂર કરવી. લિવર અને કિડનીને ઉપયોગી થશે. **ચિત્ર ૨૯:** નં. ૨૮ પેઠે ઊભા રહી, બંને હાથ કમ્મર પર મૂકી પગ તદ્દન ટટ્ટાર રાખી કમ્મરમાંથી જ આગળના ભાગમાં સારી રીતે ઝૂકો. પછી એ જ સ્થિતિમાં જમણી બાજુ ધીમે ધીમે ઘૂમતા જઈ, ધડને પાછળ લઇ જઇ ડાબી બાજુ થઇને આગળ લાવો, ને એક કૂંડાળું સંપૂર્ણ કરો. આ રીતે પાંચસાત વખત જમણી બાજુનાં કુંડાળાં લીધા બાદ પાંચસાત કુંડાળાં ડાબી બાજુનાં લો. આ ક્રિયા વખતે આંખો બંધ રાખો, નહિતર ફેર આવશે. આ કસરત વલોણાની માફક પેટનાં અંગોને વલોવી નાખીને પેટનો મેદ દૂર કરશે અને હોજરી, પડખાં, આંતરડાં, પેડૂ, પેટ અને કમ્મરને મજબૂત બનાવશે. **ચિત્ર ૩૦:** એક પગ આગળ ને બીજો પાછળ રાખી ટટ્ટાર ઊભા રહો. જે પગ આગળ હોય તે બાજુનો હાથ પણ આગળ લંબાવો, ને પછી એ પગ ઊંચો કરી એ લંબાવેલા હાથની હથેળીમાં અડાડો. આ વખતે હાથને બને તેટલો ઊંચો રાખવા પ્રયત્ન કરો. હથેળીમાં અંગૂઠો અડયા પછી, એ પગને ધીરે ધીરે નીચે લાવી જરા પાછળ લઇ જાઓ; અને એ જ રીતે હવે બીજા પગની તથા હાથની ક્રિયા કરો. વારાફરતી ૧૦થી ૨૦ વાર આમ કરો. આથી સાથળ, પેડુ ને કમ્મર મજબૂત બનશે.

ચિત્ર ૩૧: ટટ્ટાર રહી ડોકને એટલી હદ સુધી આગળ નમાવો કે દાઢી છાતી પર હાંસડીના ભાગને અડે. આમ નમાવીને થોડી વાર દાબી રાખો. ગળું મજબૂત બનશે અને તેની ચિકાશ ઓછી થશે. **ચિત્ર ૩૨** હવે નીચે નમાવેલી ડોકને ધીરેધીરે હાંસડીમાંથી ઉઠાવી સીધેસીધી બની શકે તેટલી પાછળ લઈ જાઓ અને નજર છતમાં ચોંટાડો. એ જ સ્થિતિમાં થોડી વાર ડોકને રાખો; પછી ધીમેથી વચ્ચે લાવો. **ચિત્ર ૩૩:** હવે સીધી રાખેલી ડોકને ધીમેધીમે જમણા ખભા તરફ ઢાળો, ને સાથોસાથ આંખને પણ તે દિશામાં ફેરવી બની શકે તેટલું જમણી બાજુ જોતા રહો અને ખભામાં દાઢીને બને તેટલી દાબો. થોડી વાર એમ રહી એ જ ક્રિયા ડાબી બાજુ કરો. **ચિત્ર ૩૪:** ગળા આગળથી ડોકને અક્કડ રાખી, જમણી બાજુથી શરૂ કરી ડોકને પાછળ લઇ, ડાબી બાજુથી આગળ લાવી ગોળ કુંડાળામાં ફેરવો. પાંચ વખત આમ કર્યા પછી ડાબી બાજુ કરો. ધીમે ધીમે વધારતા જાઓ. આ ચારે કસરતો ડોકને મજબૂત બનાવશે.

કસોટી

નીચેના પ્રશ્નોના ઉત્તરો પૃ. ૧૮૩ ઉપર છે; પણ તે જોતાં પહેલાં આપમેળે તમે કેટલા સાચા શોધી શકો છો તે ચકાસી જુઓ.

(૧) એક ઘડિયાળના ચંદાના ૭ ટુકડા એવી રીતે થઈ ગયા છે કે દરેક ટુકડામાં આવતા અંકોનો સરવાળો એકસરખો જ થાય છે; તો તે ટુકડા કેવી રીતે થયા હશે? (મ. મો. શા.)

(૨) ૭૮૬૫૫૨૩૯૨૬૧૩
૬૪૪૯૩૬૨૫૧૬૯૪

ઉપર લખેલી બંને રકમો ધ્યાનથી તપાસશો તો જલદી યાદ રહી જાય એવા, અમુક પદ્ધતિના ક્રમથી ગોઠવેલી જણાશે. તમે તે ક્રમ શોધી કાઢીને યાદ રાખી લઈ ફરીથી જોયા વિના એ રકમો લખી શકશો?

(૩) નેપોલિયન બોનાપાર્ટ કયા ટાપુ પર જન્મ્યો હતો, કયા ટાપુ પર દેશનિકાલ થયો હતો અને કયા ટાપુ પર મરણ પામ્યો?

(૪) બૅન્ડ અને ઑરકેસ્ટ્રા વચ્ચે શો ફેર?

(૫) કયા દેશની રાજધાની દર વર્ષે ફરે છે?

(૬) દરિયાના પાણીમાં મીઠું કેટલા ટકા?

(૭) બોલિવિયા નામના દેશના ચલણી સિક્કાની કિંમત પૂછતાં એક માણસે જવાબ આપ્યો: '૧૦ પાઉન્ડ બરાબર જેટલાં ફ્રેંકો આવે તેથી સાડા ત્રણ ગણા પેન્સ એક ક્રૂન્ડા બરાબર આવે. અને ૨૧ ક્રૂન્ટાનો એક ફ્રેંકો આવે.' તો વિલાયતના ચલણમાં એક ફ્રેંકોની કિંમત કેટલી?

કચ્છનાં કીર્તિમંદિરો

આપણા એ પડોશી પ્રાન્તની પ્રાચીન સાંસ્કૃતિક સમૃદ્ધિનાં

લેખક: **શ્રી રામસિંહજી રાઠોડ** ડી. ડી. આર.

[૫] ગેડી

માલણવાવનાં પગથિયાંવાળો ભાગ તો દટાઇને પુરાઇ ગયો છે. માત્ર તેના કૂવાનો ગોળ પૃષ્ઠ ભાગ છે. અહીં એવી માન્યતા ચાલે છે કે કોઇનો કાન દુખે અને માલણવાવને શ્રી માને તો મટી જાય. આ રીતે બાધા છોડવા ચડાવેલા ઘીના રેલા વાવને ઊગમણે પાસે પાણી સુધી ઊતરેલા છે. સંવત ૧૫૩૩ના ઉપર્યુક્ત લેખમાં ધતપદિમાં મહારાણા શ્રી વનરાજની વારમાં માલદે માલણવાવના મંડપનો જીર્ણોદ્ધાર કરાવ્યાની નોંધ છે. મહાવીર મંદિરના નિજમંદિરમાં ભગવાનને બિરાજવાની પાલખ પર બે પડખે આરસની જૂની તકતીઓ છે, તેમાં ઘસાઈ ગએલા અવાચ્ય અક્ષરો છે. પાલખ પર ત્રણ મૂર્તિઓ છે તે પણ સિંધી ચડાઈ સમયે ખંડિત થએલી છે. આમ ખંડિત થએલા ભાગો ફરી રૂપાથી બેસાડી લેવામાં આવેલા છે. આ મંદિરના લેખોમાંથી એકમાં સંવત ૧૫૩૬–મલ્લિનાથ અને માલદેનો ઉલ્લેખ છે. મંદિરમાંની મહાવીર, આદીશ્વર અને શાંતિનાથની મૂર્તિઓમાંથી આદીશ્વરની મૂર્તિ પર ૧૫૩૪નો આંક કંડારેલો છે; જેથી સાબિત થાય છે કે સં. ૧૫૩૩થી ૩૬ સુધીમાં આ મૂર્તિઓ અને મંદિર વગેરેની સ્થાપના કરવામાં આવેલી હશે.

પૌરાણિક રાજા ગર્ધસિંગના રાજ્યની ગેડી મુખ્ય નગરી હતી એવી બીજી પણ એક રોમાંચક લોકકથા છે. રાજા ગર્ધસિંગનું સાચું નામ તો ગંધર્વસેન હતું. પણ દેવી શાપથી તેને ગધેડા થઈ રહેવું પડેલું. આ ગધેડો રખડતો રખડતો ગેડીમાં આવી ચડ્યો અને પોતાના રૂપગુણથી ત્યાંની રાજકુંવરીનો પ્રિય પાત્ર થઇ પડ્યો. કુંવરીએ ગધેડાને પાળી પોતા સાથે રાખ્યો. તે એટલી હદ સુધી કે કોઈ અગમ્ય પ્રેરણા બળે એ ગધેડા સાથે પ્રેમમાં પડી. કુંવરી હડધૂત થઇ. તેને ગાંડી ગણી કાઢી મૂકવામાં આવી. ગધેડા સાથે રખડતાં તેનું જીવન વ્યતીત થવા લાગ્યું. આમ એકદા ગંધર્વસેનના શાપની અવધ પૂરી થતાં તે ફરી રાજકુમાર રૂપે ખડો થયો. કુંવરીના આનંદનો પાર ન રહ્યો. તેમણે ધામધૂમથી લગ્ન કર્યાં. પછી તો ગર્ધસિંગ તરીકે જાણીતા થએલા એ પરાક્રમી કુમારને ગેડીનું રાજ્ય પણ સુપ્રત થયું. ગેડીને તેણે આબાદ કર્યું અને પિત્તળિયો કોટ બંધાવ્યો. ગેડીનાં ખંડિયેરોમાંથી આજે પણ મળી આવતા ગધૈયા (ગધિયાં) સિક્કા આ રાજાના અવશેષચિહ્ન તરીકે બતાવવામાં આવે છે.

પણ એ સિક્કા ગધિયા તરીકે જાણીતા થવાની ઐતિહાસિક ઘટના તો જુદી જ છે. ઈરાનનો ખજાનો લૂંટી ત્યાંના આસીનિયન રાજાઓનું રૂપાનાણું હૂણો છઠ્ઠી સદીમાં હિંદ લાવ્યા. હિંદના મધ્ય ભાગમાં આ નાણું છૂટથી ચાલવા લાગ્યું. આ ચલણની અનુકૃતિ રૂપે પછી એવા નવા સિક્કા પણ તૈયાર કરવામાં આવ્યા. તેમાં તે પરના રાજાના ચહેરાની આકૃતિ કે સૂર્યમંદિરની નિશાની[1] એવી અધકચરી બની ગઈ કે તે ગધેડાની ખરી જેવી દેખાવા લાગી. એટલે જ એ સિક્કા 'ગધૈયા' નામે ઓળખાયા.[2] આવો એક ગધૈયો ગેડીમાં એક સાચોરા બ્રાહ્મણના ઘરમાં દેવપૂજાની સ્થાપનામાં મને જોવા મળ્યો હતો. આ ઉપરાંત આ તરફથી ક્ષત્રપ ને ગુપ્તકાળના સિક્કા મળી આવ્યાનું પણ કહેવાય છે.

ગુજરાત રાજ્યસત્તાના ચાવડા, સોલંકી અને વાઘેલા શાસન હેઠળ ગેડી રહેતું આવ્યું છે. જોકે વચ્ચેવચ્ચે બીજી સત્તાઓ પણ ત્યાં ડોકિયાં કરી ગઈ છે. ચાવડાઓના નાશ પછી સોલંકી રાજા ભુવડના સરદારો પૈકી એકે ગેડીનો કબજો મેળવેલો. એ અનુક્રમમાં આવેલા વરમુને જામ ફૂલે માર્યો અને પોતાની સત્તા ત્યાં જમાવી. જામ સરદારોએ કચ્છના બીજા ભાગ પર પોતાની સત્તા વિસ્તારી આ તરફ દુર્લક્ષ કર્યું, તેનો લાભ લઇ મુદામખાન નામના મુસલમાને ગેડીનો કબજો મેળવ્યો. તેના વખતની આશાબા પીરની કબરો ગેડીમાં છે. મુદામખાનને દબાવી પઘરિયાઓએ ગેડી વસી લીધું. પઘરિયા સરદારોમાંનો એક કરણ પઘારેયો બહુ જુલ્મી નીવડ્યો. એનો ત્રાસ એટલો બેહદ વધી ગયો કે ગામમાં કોઇ નવી પરણેતર આવે તે પહેલા નવ દિવસ તેની સાથે રહે એવો શિરસ્તો તેણે શરૂ કર્યો. દલસુખ જેશી નામના એક બ્રાહ્મણને તેની સાથે ગરાસના કારણે ઝગડો થયો, એટલે બ્રાહ્મણ તેલથી ભીંજવેલો ડગલો પહેરી તેને સળગાવી એ સળગતે ડગલે સ્મશાનમાં ગયો ને ત્યાં બળી મૂઓ. ત્યાં હજુ એનો સં. ૧૨૧૭નો પાળિયો છે. આ બધા જુલ્મોથી ત્રાસી જઇ પ્રાંથડિયા આહીર જેહુતો પઘરીયાને મારી, ગેડી ગામનો આપીયો લઈ ગામ તજી ચાલી નીકળ્યા.

લક્ષ્મીનારાયણના મંદિરના ચોકની બહારના ચોગાનમાં જાંબુના એક જૂના ઝાડ નીચે ક્ષેત્રપાળ ચંડેસર મકવાણાનો પાળિયો છે અને તેમાં તેની મૂર્તિ ઉતારેલી છે. નીચે બે લીટીનો લેખ છે અને તેમાં સંવત ૧૨૧૮ની સાલ ઉકેલી શકાય છે. મકવાણાઓએ ત્યાં પોતાનું વર્ચસ્વ બતાવી પોતાની વસાહત ત્યાં કરી એ સમયનો આ પાળીઓ છે. લક્ષ્મીનારાયણના મંદિરનો જીર્ણોદ્ધાર પણ ચંડેસરોનાં વંશજોએ કરાવેલો છે એવો સં. ૧૮૯૭નો શિલાલેખ એ મંદિરમાં છે.

છેવટે તો વાઘેલી સત્તા ગેડીમાં જામી જે અત્યાર લગી ચાલુ રહી છે. ગેડીથી આશરે દસેક માઈલ દૂર આવેલા રવ ગામે સં. ૧૩૨૮નો એક શિલાલેખ છે અને તેમાં અણહિલ પાટણના ધૃતપદિ મંડલના 'સમસ્ત રાજાવલી સમલંકૃત મહારાજાધિરાજ શ્રીમત્ અર્જુનદેવ વાઘેલા'નો ઉલ્લેખ છે. તેના પછીના સારંગદેવ રાજાના નામોલ્લેખવાળો સં. ૧૩૩૨નો પાળિયો વાગડમાં જ કંથકોટ પાસે બે ખરામાં હોવાની નોંધ છે.[3] તે પછી ગુજરાતના છેલ્લા રજપુત રાજા કરણ વાઘેલાના વિનાશ વખતે ગુજરાતના રાજ્યાસન પર કાળા અંધારના ઓળા ઊતરતા હતા એવા સમયે વાઘેલા સરદારો વેરવિખેર થઇ ગયા અને જેને જે ફાવ્યું તે દબાવી બેઠા. સરધારવાસી લૂણોજી વાઘેલાએ એ રીતે ગેડી પચાવી પાડ્યું અને ત્યાં પોતાની સત્તા જમાવી. ગેડીના એ વાઘેલાઓ પહેલાં પોતાને મહારાણા કહેવડાવતા. ઉપર્યુક્ત સંવત ૧૫૩૩ના શિલાલેખમાં ગેડીના વાઘેલા રાજાનો મહારાણા શ્રી વનરાજ તરીકે ઉલ્લેખ છે, એ રીતે સં. ૧૬૭૫ના ગણપતિવાળા શિલાલેખમાં પણ તેમનો મહારાણા મેઘરાજ તરીકે નિર્દેશ છે પણ પછી જાડેજા હકૂમતના સર્વોપરિપણા નીચે આવી જતાં ત્યારથી હાલ લગી તેઓ ગેડીના ગરાસદાર તરીકે રહ્યા છે ને ગેડીના રાણા કહેવાય છે. એ રીતે લક્ષ્મીનારાયણના મંદિરના સં. ૧૮૯૭ના આ શિલાલેખમાં રાણા શરતાણજીના નામનો રાણા તરીકે ઉલ્લેખ આવે છે. આ વાઘેલાઓની ઈષ્ટદેવી હીંગળાજનું સ્થાનક પણ ગેડીમાં છે.

ગેડીનું પૂર્વકાલીન નામ ધૃતપદ્રી હતું અને ગુર્જર મહારાજ્યના ધૃતપદિ મંડલનું એ મુખ્ય શહેર હતું. ઉપર્યુક્ત શિલાલેખો અને

(૧) બૉમ્બે ગેઝે. વૉ. ૧, પા. ૧, પૅ. ૪૬૯. (૨) ગૌરીશંકર હી. ઓઝા કૃત મ. ભા. સં. પા. ૧૫૫. (3) Bom. Gaz. V. 1., P. 1., P. 204.

પરિચય આલેખતી લેખમાળા



ગેડીમાં ૧૫, ૧૬ ને ૧૭મા સદીના કેટલાક વિવિધ પ્રકારના પાળિયા છે. તેમાંથી કોઇકોઈમાં હાથ, અશ્વ, સૂર્ય, ચંદ્ર, પુષ્પ, પોપટ વગેરેનાં સારી નકશીનાં સાંકેતિક ચિહ્નો છે. હરખાંદેરી પાસેના કૂપર બતાવેલા વિશિષ્ટ પાળિયામાં માફા(રથ)ની કોતરણી અને કૂપરના ખૂણે વલોણાનું ચિહ્ન ઘણાં અસાધારણ હોઇ ખાસ ધ્યાન ખેંચે છે. (ફોટો - લેખક)

અન્ય અવશેષો ઉપરાંત ત્યાંથી મળી આવતા જૂના સિક્કા, નકશીદાર પુરાણા પત્થરો અને પરંપરાગત કહેવાતી આવતી પુરાતન વાતો પણ ગેડી એક પ્રાચીન નગરી હતી તેની સાખ પૂરે છે. કાળના ઘસારાથી ઘસાઇ ખવાઇ ગએલા અને મલિન આવરણોથી ઝાંખા બનેલા કોઈ બેનજરમાન ચિત્રમાંથી તેના છાયાપ્રકાશના આકર્ષક રંગભેદો ઝબકી ઝબૂકી જેમ એ ચિત્રના માહાત્મ્યમાં ન્યૂનતા નથી આવવા દેતા, તેમ ધરતીના ફલક પર પાથર્યા પડેલા ગેડીની જૂની જલાલીના વેરવિખેર વિસ્તરેલા અવશેષો ભલે છિન્ન પણ સૂણના રંગબેરંગી ચિત્રપ્રદર્શનમાં એક અર્થઘન ચિત્રનું નિરૂપણ કરે છે.

શ્રી અનંત કાણેકરનો લઘુનિબંધ

બોલવું અને ચાલવું

વિખ્યાત લેખક અને તત્ત્વજ્ઞાની કાઉન્ટ ટૉલ્સ્ટૉય ઘડપણમાં વિરક્ત થઈને પોતાનાં લખાણોમાં અને વ્યાસપીઠ ઉપરથી જ્યારે કડક બ્રહ્મચર્યનો ઉપદેશ કરવા લાગ્યા, ત્યારે એક ટીકાકારે તેમને એક ઉપરોધપૂર્ણ ઝેરી ટોણો માર્યો: 'કાઉન્ટ ટૉલ્સ્ટૉય કડક બ્રહ્મચર્યનો ઉપદેશ કરતા બહાર ફરે છે. અને કાઉન્ટેસ ટૉલ્સ્ટૉય ચૌદ છોકરાંઓની સારવાર કરતાં ઘેર બેઠાં છે!'

વાત ખરી હતી. ટૉલ્સ્ટૉયને ચૌદ છોકરાં હતાં. ટીકાકારનો ઉપરોધ સખત હતો એમાં યે શંકા નથી. પણ મારું કહેવું એમ છે, કે ટૉલ્સ્ટૉયને ચૌદ છોકરાં હતાં માટે જ કડક બ્રહ્મચર્યનો ઉપદેશ કરવાનો સૌથી વધારે હક એને હતો. ખાડામાં પડીશ નહિ, એમ બીજાને કહેવાનો હક ખાડામાં પડીને ઘાયલ થએલા માણસને જ વધારે છે.

માણસોને આવા ખોટા ટોણા મારવાની ઘણી હોંશ હોય છે. મનુષ્યમાત્રના આ સ્વભાવવિશેષની મને ઘણી ચીડ છે. જોકે હું મે આ નિયમના અપવાદ છું એવું જરાયે નથી. પણ મારા મોંમાંથી એવા શબ્દો નીકળી ગયા પછી થોડા વખત બાદ, મને મારી પોતાની જ શરમ આવે છે અને તેમ છતાં, આવા ખોટા ટોણા નહિ મારવાનું બીજાને કહેવાનો મને હક નથી એવું મને લાગતું નથી.

'એકાદી ખરાબ વાત કર,' એવું કોઈ કહે, અને સામો માણસ તેને કંઇક ઉપરોધિક જવાબ આપી એનું અપમાન કરે, તો તે ક્ષમ્ય ગણાશે. પણ 'એકાદી સારી વાત કરો,' એવું કહેનારને તોછડા જવાબથી ઘાયલ કરવો તે તો ફક્ત આસુરી આનંદ મેળવવા માટે જ છે એવું મને લાગે છે.

પોતાના હાથે અનેક ભૂલો થતી હોય તો પણ 'એવી ભૂલો કરશો નહિ', એવો કરગરીને બીજાને ઉપદેશ કરનાર માણસનો મને તો કોઈ ઉદાત્ત હેતુ દેખાય છે. આપણામાં પૂર્ણત્વ નથી, તોપણ બીજામાં એ હોવું જોઇએ, એવું દરેકને લાગે છે. જુવાનીમાં સ્વૈરાચાર કરેલો માણસ ઘડપણમાં બધાને બ્રહ્મચર્ય પાળવાનું કહેતો ફરે, અથવા ગામનો આળસુ માણસ વખતસર કામ કરવાનું મહત્ત્વ બીજાને સમજાવે, એનું રહસ્ય એ જ છે.

લોકોથી માત્ર આ ઉપરોધપૂર્ણ બનાવ જોઈ રહેવાતો નથી. તેઓ તો, જે બોલે એવું ચાલે, તેમના જ પગે પડવાના! એ બિચારાઓને, કોઇકે કહેલું એટલું સમજાતું નથી કે બોલે તે પ્રમાણે ચાલનારો દુનિયામાં ફક્ત એક જ માણસ હોય છે, અને તે દારૂડિયો, એ જેમ લથડતો બોલે છે, તેમ જ લથડતો ચાલે છે! બાકી બધાં માણસોનાં બોલવામાં અને ચાલવામાં જમીન-આસ્માન જેટલું અંતર હોય છે. અમુક ના કરજો પણ અમુક કરજો, એમ માણસ જ્યારે બોલતો હોય છે ત્યારે તે ધ્યેયસૃષ્ટિના આસમાનમાં વિહાર કરતો હોય છે, પણ ચાલતી વખતે તો એને સત્ય સૃષ્ટિની ખરબચડી જમીન પર જ ચાલવું પડે છે. ત્યાં ચાલતાં ચાલતાં પોતે લથડી પડ્યો હોય કે એને ફાંફાં મારવાં પડ્યાં હોય એટલે શું શબ્દોથી પણ એણે ઉપર પથરાએલું વિસ્તૃત આસ્માન બીજાને ન બતાવવું?

આવો જ કંઈક ઉપદેશ હું કોઇને કરવા જાઉં છું, ત્યારે ઘણી વખત મને મશ્કરીભર્યા અવાજમાં એક નક્કી થઈ ચુકેલો જવાબ મળે છે: 'ખબર છે! લોકોને શીખવે છે મોટાં બ્રહ્મજ્ઞાન, પણ પોતે છે, કોરા પાષાણ જેવા.'

અને આ વિષે મારો જવાબ પણ એટલો જ નક્કી થએલો છે. 'હું કોરો પત્થર છું, એ વાત મને તદ્દન કબૂલ છે. પરંતુ કોરા પત્થર તરફથી પણ જો તમને ઘરબેઠાં બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું હોય, તો તેમાં તમારું શું નુકસાન થાય છે?'

માલતી જોષી

ટિકિટસંગ્રહ: ૬–ટિકિટોના કાગળ

ટિકિટમાં વપરાતો કાગળ એ તો તેનું અગત્યનું અંગ છે અને સંગ્રાહકે તેને વિષેની માહિતી મેળવી લેવી જરૂરી છે. દેશોદેશની ટિકિટો જે જુદીજુદી જાતના કાગળો ઉપર છપાય છે તેને લગતી આ માહિતી મોટાં કૅટલૉગોમાં તો આપેલી હોય જ છે; પરંતુ સંગ્રહના શૉખવાળાને તેનો અભ્યાસ તથા અનુભવ હોવાં જોઇએ.

જુદાજુદા દેશો પોતાની પસંદગીના વિવિધ રંગછાંયના, વિવિધ જાડાઇના તથા બનાવટના કાગળો વાપરે છે. કોઇની રંગછાંય આસમાની પર, કોઈની બદામી પર, કોઈની લીલાશ પર તો કોઇની ભૂખરી હોય છે. વળી કોઈ કાગળ વૉટરમાર્ક વિનાના, કોઇ કડક, કોઇ મુલાયમ તો કોઈ સળીભાત જેવા વૉટરમાર્કની નિશાનીવાળા હોય છે. કરન્સી નોટોની માફક ટિકિટોમાં પણ કેટલીકવાર બનાવટો કરવામાં આવે છે. એવે વખતે કાગળની પરખનું જ્ઞાન હોય તો તરત બનાવટ પરખાઇ આવે છે. એવું પણ બને છે કે ટિકિટો છાપવામાં મુકરર થએલા કાગળને બદલે ક્વચિત ભૂલથી કોઈ ભળતો જ કાગળ વપરાઈ જાય છે. એની પ્રમાણભૂત માહિતી ધરાવનાર જાણકારો તરત આ વિચિત્રતાનો લાભ લઈ એવી ટિકિટોના ભાવ વધારી મૂકે છે. ને એવી ટિકિટ સંજોગવશાત હાથ લાગતાં સંગ્રાહકને સારો લાભ મળી જાય છે (ચાલુ) **હરિલાલ બૅંકર**

રસદર્શન

પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવનાર જીવન-પ્રસંગોનાં સંસ્મરણો [૭]

લેખક ડૉ. હરિપ્રસાદ દેસાઈ

શરદ પૂર્ણિમાની રાત હતી. મિત્રો સાથે હું એલિસબ્રિજના કંડરાઓ પરથી વહેતાં પાણીમાં ચંદ્રના પ્રકાશ જોતો હતો.

મિયાં તાજુદીને એની હૃદયવેધક વાંસળી વગાડવા માંડી અને એના મીઠા સૂરો, રુપેરી જ્યોત્સ્નામાં, ડુબિયા આકાશમાં અને ફરફરની વનરાજિમાં અમૃત રેલાવવા લાગ્યા. આત્મા ને દેહની વચ્ચે અનેક પડદા પડયા હતા. તાજુદીનના એકેએક આલાપે એકેએક પડદો ઉપાડયો ને એવી અસર કરી કે લય યોગની કોઇ આનંદસમાધિમાં હું ડૂબી ગયો. એ રાત્રિને ૩૦ વર્ષ વીતી ગયા છતાં ઘણી વાર એ ગીતસુધા હજી સાબરમતીનાં જળમાં અને ત્રિજ્ઞીએ વેણુ પરમાંનું અણુંકારા પીધા કરું છું.

ફરી તાજુદીન મને મળ્યા નથી. અહીંથી એ ફરાગી ગયા હતા. પણ એનું સ્મરણ હું જિંદગી પર્યંત સાચવી રાખીશ. હજી યે કોઇ વાંસળીવાળો પણ એકાદ સાધારણ ગીત ગાય છે ત્યારે મને તાજુદીન સાંભરી આવે છે.

શાંતિભુવન થીએટરમાં કલકત્તાવાળી ગૌહરનો જલસો હતો. આખામાં આછી ટિકિટ એક રૂપિયાની હતી. આપણે તે રાત્રે એ રૂપિયા કુરબાન કરવા ધાર્યા. મારી સાથે એ જ વર્ગમાં ઘણા રસિક પારસી અને મુસલમાન બિરાદરો હતા ને મને આશ્વાસન મળ્યું.

ગૌહર સર્વાંગસુંદર હતી. વાળેવાળે મોતી પરોવ્યાં હતાં, ત્યાંથી માંડીને મખમલ ને કસબની મોજડીઓ સુધીની એની વેશભૂષા સુંદર હતી. એ સારંગીવાળા, 'તુનતુન ચુનચુન'માં બિલકુલ વખત બગાડયા વગર એકદમ આશાવરીમાં ઊતરી પડયા ને ગૌહરે કોકિલકંઠે ગાવા માંડયું. અને અમદાવાદ શહેર, થીએટર, રાત્રિનો સમય, એ બધો રેગકાળ ભૂલીને હું તો એ ગાનના તાનમાં ઊડયા,-જાણે અલકાપુરીના કોઇ નન્દનવન-ચન્દ્ર અને બીજા દેવો સાથે બેસીને ગાંધર્વ ને અપ્સરાનાં સંગીત સાંભળવા લાગ્યા !

ગૌહર ગમે તે હોય;-મારે મન એના સંગાનથી એ દૈવી સ્વરૂપે -સરસ્વતી તુલ્ય લાગતી હતી. એનો વહેતો પ્રસાદ રાતના ૧ સુધી ચાલ્યો ને મારા અંતરને ફળદ્રુપ બનાવી ગયો.

પાસેના ગામડે કોઇ દરદીને જોવા ગયો હતો. થોડી દવા આપતાં જ એને ચેન પડયું એણે જ મારા મનોરંજન અર્થે ૨. ૧૨૧ વાગ્યે એકતારાવાળાને બોલાવ્યા.

કોઇ પેટ્રોમૅક્સ ત્યાં ઝાંખ કાઢવાન હતો. અરે દીવેલનું કોડિયું પણ એ સંતોને નહોતું જોઇતું. એમના તો દિલમાં દીવો પ્રકટતો હતો. અને અંધારી રાતના ખીચોખીચ તારાઓની સાખે, ઊંડા શ્યામ ગંભીર આકાશના ઘુમ્મટ નીચે, 'જી . . . જી . . . જી' ચાલ્યું. એકેક કલાક શાન્ત સાત્ત્વિક તાનમાં ગાએલી એ મધુર રજની દેશના સંસ્કાર પ્રત્યે મને કાયમનો આદર કરાવતી ગઇ છે.

'ગીતાંજલિ'(અંગ્રેજી) પહેલવહેલી અમદાવાદમાં વાંચનાર હું હતો. એ મેં ગાંધીજી પાસેથી કોચરબના આશ્રમમાંથી મેળવી હતી.

'સંસાર રૂપી મેળામાં, પ્રભો ! તેં મને વાંસળી વગાડવાનું કામ સોંપ્યું છે. અને તારું સોંપેલું, એટલે શી મણા ! સાંભળનાર ખુશ થઇ જાય છે! આ મેળો પણ આનંદદાયક ને મનોહારી છે. એ ફેસામણુ કે માયા નથી. અરે જ સર્વત્ર રસ રસ ને રસ ભર્યા છે.

પણ હવે તો મને લાગે છે કે સાંજ પડી. લોકો વેરાવા લાગ્યા છે. આરતીના ઘંટારવ થઇ રહ્યા છે. આપની આજ્ઞા હોય તો હું પણ હવે ઊઠું અને દર્શન કરીને ઘેર જાઉં.'

'પ્રભો! આ શરીરના છિદ્રેછિદ્રે તારો સ્પર્શ થવાનો, એટલે હું એને સ્વચ્છ રાખીશ.

પ્રભો ! મનના એકેએક વિચાર તું જાણવાનો, એટલે એના ખૂણેખૂણેથી હું અસત્યને અંબેરી નાખીશ. હૃદયની એકેએક ભાવના ને લાગણી હું શુદ્ધ કરીશ, કારણ કે હૃદયના છેક અંદરના અંડમાં તું બેઠો છે !'

આવા ભાવાર્થનાં 'ગીતાંજલિ'નાં અનેક કાવ્યો મારી અમૂલ્ય મિલ્કત થઇ પડી છે. એ ધન વપરાય છે તેમ વધે છે !

મુરબ્બી કિરપારામ દેસાઇએ મને મેરી કોરેલીના 'સૉરોઝ ઑફ સેટન'ની પિછાન કરાવી. સેતાન મારા યે અંતઃકરણમાં હતો. એને મેં તે દિવસથી પકડ્યો અને મારા ચારિત્ર્યથી એના શોક વધે નહિ એવું કરવાના મારા પ્રયત્ન આજ દિન સુધી ચાલુ છે.

મેરી કોરેલી અજબ લેખિકા છે. અંગ્રેજ વિવેચકો ભલે એની કદર ન કરે. મારે મન આ એક જ પુસ્તક બસ છે. એનો સેતાન પણ બાઇબલના સેતાન કરતાં જુદો છે. એ તો કોઈ યોગભ્રષ્ટ આત્મા જેવો શાપિત છે.

એને લોકોને પ્રલોભનોમાં નાખવાનું કામ ભજવાને જ સોંપ્યું છે. અને જ્યાં સુધી લોકો પાપમાર્ગે લલચાતા રહેશે ત્યાં સુધી એને પણ ભગવાનનો વિયોગ રહેવાનો છે. તેથી એ સન્માર્ગે જતાં માનવીઓને લલચાવી વિપથગામી તો કરે છે, પણ હરહંમેશ એ જીવો વિમાર્ગે વળતાં રહે છે તેમ તેમ એનો શોક વધે; મારાં કૃત્યોથી એનો શોક ન વધો !" એવો સંકલ્પ એ પુસ્તક વાંચીને મેં કર્યો હતો.

પછી આવ્યું ટૉલ્સટૉયનું 'રીસરેક્શન'-પુનરુદ્ધાર. એના નાયકના પશ્ચાત્તાપે મને જાગતો કરી મૂક્યો છે. કહી તો નથી શકાતું કે એ જાગૃતિ હંમેશ રહી છે, પણ મહાન લેખકોનો કરેલો સત્સંગ તો કદી ભૂંસાતો નથી.

શેક્સપિયરનું હૅમ્લેટ, શીલરનું ડૉન કારલૉસ, ગેટેનું ફાઉસ્ટ, એ બધાં મારા સાહિત્ય-ભંડારનાં રત્નો છે. ડૉન કારલોસે તો મને ઐતિહાસિક નાટકોની મહાત્મા શીખવી છે. એનો શાહજાદો હૅમ્લેટ કરતાં વધારે દુઃખી હોવા છતાં વધારે નિશ્ચયબળવાળો બને છે.

ગાદી મળે ત્યારે સ્વદેશની ઉન્નતિ કરવાના એના મનોરથ છે. એને એક પ્રાણેશ્વરી છે. એ પણ આદર્શોની એકતાને લીધે એના પર મોહિત થઇ છે. બંનેએ મળીને દેશને સ્વતંત્ર કરવાના ને પારકી ધૂંસરીમાંથી મુક્ત કરવાના સંકલ્પ કર્યા છે. એટલામાં વિઘ્ન આવે છે. રાજા પોતે એ કન્યાને પરણી બેસે છે, અને જે જીવનસખી સાથે શાહજાદો ક્રાન્તિ કરવાનો હતો તે તો હવે એની મા બની જાય છે.

'હોડી ને નાવ, દોરે ત્યાં જાય' એવી નિરાધાર દશામાંથી નવાં રાણી શાહજાદાને અંગત દુઃખ ગળી જવાનો સંદેશો કહાવે છે અને દેશાર્પણ કરેલા એમના બંનેના જીવોને કોઇ પણ ભોગે સંકલ્પ સિદ્ધ કરવા ફરમાવે છે.

આ સંદેશ તે દિવસથી મને પણ બહુ આકર્ષક થઇ પડયો છે. (ચાલુ)

મહાપુરુષોની પાસે શું માગશો ?
કાયરે કહ્યું: રક્ષા
વીરે કહ્યું: પ્રેરણા

આવે છે કદિ યાદ જીવનનો તને સ્વાદ?
મંજુ મુસ્કાનમાં? કે દિવ્ય બલિદાનમાં?

દુર્બલતાની દુકાનદારીના સાઇનબોર્ડ પરનું સુંદર નામ 'મુરબ્બીપણું' છે.

શિર ઝુકાવવું એટલે મરણ;
શિર આપવું એટલે જીવન.
પં. માખનલાલ ચતુર્વેદી

વિજ્ઞાનની દૃષ્ટિથી

લેખક - ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા

ગુજરાતનું વિજ્ઞાન-સાહિત્ય [૨]



ગુજરાતના વિજ્ઞાન-સાહિત્યની નોંધણીની જરૂર વિષે ગયા અંકમાં કાંઇક લખ્યું. હવે એ સાહિત્યના વિકાસ સંબંધે કેટલીક હકીકતો જોઈએ.

એ સાહિત્યની સ્વલ્પતાની ફરિયાદને કરનારા ઘણાના જાણવામાં ન હોય તેવી એક હકીકત એ છે કે આવો અસંતોષ કેવળ ગુજરાતમાં જ છે એવું નથી. ગુજરાતની બહાર, હિન્દની બહાર પણ, દૃષ્ટિ કરીએ. ગ્રેટબ્રિટન ને અમેરિકાનું યુનાઇટેડ સ્ટેટ્સ—એ બે એવા દેશો છે કે તેઓની સાથે આપણને ખૂબ સંબંધ છે. વળી તેઓની ભાષા અંગ્રેજી હોવાથી બીજા કોઇ વિદેશોના કરતાં આપણે તે દેશોથી વધુ પરિચિત છીએ. એ દેશોમાં વિજ્ઞાન સર્જાય છે, (અન્ય યુરોપીય દેશોની સાથે) તેઓ વિજ્ઞાનની જન્મભૂમિ છે, મોટામાં મોટા વિજ્ઞાનશાસ્ત્રીઓ ત્યાં વસે છે, વિજ્ઞાનની મોટામાં મોટી શાળાઓ, સંસ્થાઓ ને ગવેષણનાં કેન્દ્રો ત્યાં છે, વિજ્ઞાનની મોટામાં મોટી સિદ્ધિઓ, સિદ્ધાન્તની તેમજ જીવન-વ્યવહારની ત્યાં મોજૂદ છે. તેમ હિંદ કે ગુજરાતના પ્રમાણમાં વિજ્ઞાન પ્રજાજીવનમાં ત્યાં ઠીક ઉતર્યું છે એમ આપણને લાગે જ. છતાં ત્યાંના વૈજ્ઞાનિક વિચારકો આજે પણ વિજ્ઞાન-સાહિત્યનો પ્રસાર ત્યાં કેટલો ઓછો છે તે બતાવી અફસોસ કરે છે.

તેનાં બે જ ઉદાહરણ બસ છે. અમેરિકાની 'એસોસીએશન ફૉર ધી ઍડવાન્સમેન્ટ ઑવ સાયન્સ'ના ૧૯૪૧ના પ્રમુખ પ્રો. બ્લૅકસ્લી પોતાના પ્રમુખ તરીકેના ભાષણમાં કહે છે કે 'આપણું મુખ પત્ર સાપ્તાહિક 'Science' માત્ર ૧૫,૦૦૦ નકલો જ છપાવી શકે છે, ત્યારે એક સાધારણ જ્યોતિષને લગતું માસિક ૧,૩૨,૦૦૦ નકલો છાપે છે. અને એનાથી વધુ ફેલાવાવાળાં બીજાં આવાં પત્રો પણ ઘણાં છે.'

બીજો દાખલો: ઇંગ્લંડમાં એક નવું ત્રૈમાસિક વિજ્ઞાન-પત્ર 'Endeavour' એ નામથી પ્રકટ થયું છે. તેનો તંત્રી બહુ જાણીતો લેખક ને રસાયનવેત્તા છે તે એક અગ્રલેખમાં આ હકીકત ચર્ચે છે. નીતિના ક્ષેત્રમાં વિજ્ઞાનની સામે જે મૌલિક પ્રશ્ન ખડો છે તે એ છે કે આખી માનવજાતિને વિજ્ઞાનથી વાકેફ કેવી રીતે કરવી. કોઇ પણ સુધરેલા દેશની વસતિનો—આપણા પોતાના દેશનો ય—કેટલો નાનો અંશ વિજ્ઞાન, તેના ઉદ્દેશો, તેની પદ્ધતિ અને તેનાં પરિણામો એ સર્વનો ખરો ખ્યાલ હોવાનું માન પામી શકે? બેશક બહુ જ જૂજ.' વળી 'વિજ્ઞાનનું અજ્ઞાન કાંઈ ઊતરતા-હલકા વર્ગોમાં જ છે એવું નથી. તે તો જીવનના ઊંચામાં ઊંચાથી માંડીને નીચામાં નીચા પંક્તિમાં પ્રસરી ગયું છે. ખાસ કરીને આપણાં સામાન્ય છાપાં-વર્તમાનપત્રોમાં તો તે ખૂબ દીસી નીકળે છે.' આ વિષયમાં રસ હોય તેણે એ લેખ વાંચવા જેવો છે. આ કમી પૂરી કરવા શા ઈલાજો યોજવા જોઇએ તેનો વિચાર પણ એમાં કર્યો છે. (જુલાઈ ૧૯૪૨નો અંક)

એક મોટી મુશ્કેલી વિજ્ઞાનશાસ્ત્રીઓ જ ઊભી કરે છે! તેઓ પોતાના અભ્યાસમાં ને અન્વેષણમાં એટલા નિમગ્ન હોય છે કે જ્યારે લખે છે ત્યારે પોતા સમાન વિજ્ઞાનીઓ જ તે સમજી શકે. જરા બહાર આવી સાધારણ જનતાનો પરિચય કરી તેને વિજ્ઞાનનો પરિચય કરાવવાનું તેમને ગોઠતું નથી, સૂઝતું ય નથી. વળી આપણે ત્યાં સાહિત્ય ભણનાર કે વાંચનાર દરેક જણ જેમ સાહિત્ય રચી શકતો નથી, તેમ વિજ્ઞાન ભણનાર ભણાવનાર કે શોધક કરનાર દરેક જણ કાંઇ કલમની પ્રસાદી પામ્યો હોતો નથી. ખુદ ઇંગ્લંડમાં ય ડેવી, ફેરેડે, હક્સલી, જીન્સ જેવા ગણ્યાગાંઠ્યા જ માણસો પ્રથમ પંક્તિના વિજ્ઞાનશાસ્ત્રી તેમજ પ્રથમ પંક્તિના લેખક કહીએ તેવા પાક્યા છે.

આ મુશ્કેલી હિંદના બીજા પ્રાંતોમાંય જાણીતી છે: છતાં કબૂલ કરવું જોઇએ કે બંગલા, હિંદી ને મરાઠી એ ત્રણ ભાષામાં વિજ્ઞાનના પ્રસારનું જેટલું કામ થયું છે ને હજી થયાં કરે છે તેના પ્રમાણમાં ગુજરાતીમાં બહુ જ ઓછું થયું છે. ખરે, આ દૃષ્ટિએ બંગાળ તો સહેલ ઈથી હિંદમાં પહેલે સ્થાને આવે એમ છે. આજે ય હિંદની સૌથી મોટી વિજ્ઞાન-સંસ્થાઓ ત્યાં છે; સૌથી વધુ વિજ્ઞાનશાસ્ત્રીઓ કલકત્તામાં ને બંગાળમાં છે, ને તે પણ ઘણી જુદી જુદી શાખાના; અને બોઝ ને રાયની પાછળ મેઘનાદ શાહ ને અન્ય વૈજ્ઞાનિકોએ ભેગા મળીને પત્રો, ચર્ચાઓ, અન્વેષણો તથા બંગાળના પ્રશ્નોની વિજ્ઞાન દૃષ્ટિથી છણાવટ વગેરે ક્યારનાં આરંભી દીધાં છે.

ગુજરાત વિજ્ઞાનમાં ઘણું પછાત છે. પરીક્ષાઓમાં ને કૉલેજોમાં વિજ્ઞાનના શિષ્યો ને શિક્ષકોમાં ગુજરાતીઓ ઘણા દેખાય તો પણ તેમાં મોટો ભાગ પરીક્ષાર્થી જ છે: શોધખોળનો રસ બહુ થોડામાં છે, ને ગુજરાતી સાહિત્યની ભક્તિ તો તેથી ય વધુ ઓછામાં છે. ભગવાનલાલ ઇન્દ્રજી, જયકૃષ્ણ ઇન્દ્રજી ને ગજ્જર સાહેબ, એ ત્રણ નામો જરૂર આગળ આવે: પણ નથી એમની બહુ કદર થઇ, કે નથી એમનો દાખલો કોઇ લેતું. હિન્દમાં આગળપડતા કહી શકાય એવા ગુજરાતી વિજ્ઞાનશાસ્ત્રીમાં આજે તો બે પારસીઓનાં જ નામ યાદ આવે છે—ભાભા અને વાડિયા.

એક બહુ જ મહત્ત્વની વાત એ છે કે વિજ્ઞાન એવો વિષય નથી કે તેના લેખો માત્ર વાંચી જઇએ એટલે એનું બધું સમજી જવાય. લેખોની મદદમાં તે લેખોની ઉપરાંત ચિત્રો, સચિત્ર વ્યાખ્યાનો, ફિલ્મો ને પ્રયોગો પણ જોઇએ જ. તો જ વિજ્ઞાનનું યથાર્થ ને સત્વર ગ્રહણ થઈ શકે. જેણે મોટર કે ટેલિફોન કે રેડિયો કદી જોયાં જ ન હોય તેને કેવળ એ ઉપરનો એક લેખ વાંચ્યાથી કેટલું જ્ઞાન થાય? ત્યારે ખરા મુદ્દાની વાત એ છે કે ગુજરાતી વિજ્ઞાન-સાહિત્યની મદદમાં આ સર્વ રચનાઓ પણ આવવી જોઇએ. અને તે ઉપરાંત આખી શિક્ષણની પ્રણાલિકા વિજ્ઞાનોન્મુખ જોઇએ: ઊછરતી પ્રજાને એમાં રસ ને સમજ પડે, મોટી ઉમરનાં અભણ રહેલાં કે શિક્ષણના સંસ્કારોથી વંચિત રહેલાંઓ પણ આ સર્વ સાધનો તરફ આકર્ષાય ને તેનો લાભ લે, એમ થવું જોઇએ. આવું આવું ઘણું બધું થશે ત્યારે જ વિજ્ઞાનની સમજ લોકોમાં પ્રસરશે અને વિજ્ઞાનનું લોકભોગ્ય સાહિત્ય કાંઈક તેના સાધન રૂપે, કાંઈક પરિણામ રૂપે, ખીલવા લાગશે. ઇંગ્લંડમાં પણ રેડિયોના વખતથી આવા પ્રયાસો શરૂ થયા હતા. (ચાલુ)

કસોટીના ઉત્તરો



(૧) બાજુની આકૃતિ મુજબ: (૨) પહેલી લીટીમાં, અવળી બાજુથી ૧૩ના ઘડિયાની રકમો અનુક્રમે એકાથી છક સુધી ગોઠવેલી છે; ને બીજી લીટીમાં અવળી બાજુથી, ૨થી૮ સુધીની રકમોના વર્ગ અનુક્રમે ગોઠવેલા છે. (૩) કૉસિકા, એલ્બા, સેન્ટ હેલીના. (૪) બૅન્ડમાં બધી જાતનાં વાજિંત્રો હોય, ઑરકેસ્ટ્રામાં માત્ર બધાં તંતુવાદ્યો જ હોય. (૫) હિન્દની; કેમકે તે દર કલાકે દિલ્હીથી સાંભળી જાય છે! (૬) ૩ ટકા. (૭) ૧ પા. ૧૫ શિ.



મધુકરી

અસ્ત જાતા રવિ પૂછતા અવનીને
          સારશે કોણ કર્તવ્ય મારાં?
સાંભળી પ્રશ્ન એ સ્તબ્ધ ઊભાં સહુ
          મોં પડ્યાં સર્વનાં સાવ કાળાં.
તે સમે કોડિયું એક માટી તણું
          ક્ષીણને કોક ખૂણેથી બોલ્યું:
'મામુલી જેટલી મારી ત્રેવડ, પ્રભુ
          એટલું સોંપજો, તો કરીશ હું.'

('રવીન્દ્રવીણા'-મેઘાણી)

સાચો લૉર્ડ કર્ઝન

હિંદના વાઇસરૉય પદે રહીને બંગાળના ભાગલા પાડી પોતાની કારકીર્દિને નાલેશી લગાડી જનાર લૉર્ડ કર્ઝનને આપણામાંના બહુ ઓછા તેના સાચા સ્વરૂપે ઓળખતા હશે. વાઇસરૉય કર્ઝન નીચે સાચો કર્ઝન-કલાકાર, શિલ્પશાસ્ત્રી ને એથી યે વધુ પર્યટનશોખીન કર્ઝન દબાઈ ગયો છે અને એની હિંદ વિરોધી કારકીર્દિનાં પડ નીચેથી એને ઓળખવાનો બહુ ઓછો પ્રયત્ન થયો છે. હિંદના જૂના અવશેષો સાચવી રાખવાના એના શોખથી હિંદની પ્રાચીન કલાકારીગરીના રક્ષણનો જે ફાયદો થયો છે તે પણ જરા યે નાનોસૂનો નથી.

'My name is George Nathaniel Curzon,
I am a most superior person'—

ઑક્સફર્ડના એક અંડરગ્રૅજ્યુએટ તરીકે તેણે લખેલી આ લીટીઓ તેની પોતાની જાત વિષેની મગરૂબી સમજાવી રહે છે—, જે મગરૂબીનો પાછળથી આખા જગતને પરિચય મળ્યો. ઘણાખરા માને છે તેમ એ કંઈ તવંગર કુટુંબમાં નહોતો જન્મ્યો. ઑક્સફર્ડનું પોતાનું ખર્ચ તેને પત્રકારત્વનું કામ કરીને કાઢવું પડ્યું હતું. નાનપણમાં જ એને રખડપાટનો શોખ હતો, જ્યારે એના પિતા એની વિરુદ્ધ હતા. આને લઇને કુટુંબમાં કલહ પણ ઊભો થવા પામ્યો હતો. રખડપાટને લઇને જ એને પ્રાચીન અવશેષોનો મોહ જાગ્યો હતો જેને લીધે વાઈસરૉય પદે આવતાં હિંદના પુરાણા અવશેષો જાળવવાની કાળજી એણે ખાસ લીધેલી. એણે ખાનગી રીતે નેપોલિયનને લગતા સંભારણાંનો જે સંગ્રહ કરેલો તે બેનમૂન લેખાતો.

એનો મોટામાં મોટો દોષ એ હતો કે તે અનેક વિષયોમાં રસ ધરાવતો અને નાની નાની બાબતો તરફ પુષ્કળ લક્ષ આપતો. રાજકારણ, પરદેશના બનાવો, પર્યટન, સાહિત્ય, કલા, રમતગમત વગેરેથી માંડીને ગૃહનિર્માણ સુધીના સઘળા વિષયોમાં તે રસ ધરાવતો. ધૈર્ય અને સહનશક્તિનો દાખલો તો એના જેવો બહુ ઓછો મળે. કમરદર્દથી સખત દર્દ સતત રહેતું હોવા છતાં દિવસ ને રાત અવિશ્રાંતપણે તે કામ કર્યા કરતો. કોઈ પણ સરકારી અધિકારી ન વાંચે એટલા બધા સરકારી પત્રો, અહેવાલો ને પરિપત્રો તે વાંચી કાઢતો. કાર્ય એના જીવનનું પ્રધાન લક્ષ્ય મનાતું. કર્ઝનને પોતાના હાથ નીચેનાઓ પર એથી પણ પોતાના જેવું જ સખત કામ લેવા માંડ્યું હોઈ ઘણાને તે અપ્રિય થઈ પડ્યો હતો. પરંતુ એની રાજદ્વારી કારકીર્દિની કાળી પશ્ચાદ્ભૂમિકા જતી કરીએ તો એ કાળાશને ઓપરે પ્રકાશતા કર્ઝનના કેટલાક ગુણો તો અનુકરણીય જ રહેલા છે. એણે પોતાના 'Tales of Travel' પુસ્તકમાં જણાવ્યું છે તેમ, બ્રિટિશ તાજનો પ્રધાન બનતાં એને જેટલો આનંદ નહોતો થયો એટલો આનંદ પોતાનાં સંશોધન અને શોધખોળ બદલ જ્યૉગ્રાફિકલ સોસાયટીએ એને બક્ષેલા ચાંદ માટે થયો હતો. પોતાના એ રઝળુ જીવનનો જે ચિતાર ઉપર્યુક્ત પુસ્તકની પ્રસ્તાવનામાં એણે આપ્યો છે તે કદાચ સાચા કર્ઝનને સમજવામાં સહાયક નીવડશે:

"મને હજુ ય સાંભરે છે કે પ્રૌઢ વયના આજના આ એકાકી રાજદ્વારીએ યુવાનીના પગથિયે પગ મૂકતાં જ પામીરનો ઉચ્ચ પ્રદેશ ખૂંદી નાખેલો; આનામના કાંઠે ભયંકર તોફાનમાં એ સપડાએલો; અફઘાનિસ્તાનમાં એનું ખૂન થયાની વિગતો બહાર આવેલી. હું એ જ તરુણ રઝળુ છું જેના પર વેલેન્સિયાના કાંઠા પર ક્રોધિત સ્પૅનિયર્ડોએ પથ્થરમારો કરેલો; જે સિસિલીનો સુંદર સૂર્યોદય જોવા માટે ઠંડી રાતે બરફમાં થઇને એટના જ્વાળામુખીના શિખરે ચડીને બેઠેલો ને એવી જ રીતે સીલોનના સૂર્યોદય જોવા 'ઍડમ્સ પીક' પર ચડેલો; જે કાબૂલના અમીર અબ્દુરહેમાન સાથે, અને તે પછી, પાછળથી જેનું ખૂન થએલું એ ચિત્રાલના મેહતર સાથે રહેલો; કોરિયામાં પોતાનું ઘડિયાળ ચોરવા બદલ એક સાધુને જેણે પકડેલો અને પાછળથી ખોરાસાન અને વાખાનમાં એ પોતે એક જાસૂસ તરીકે ગિરફ્તાર થએલો; ડાલ્મેશિયાને કાંઠે જેનું વહાણ ભાંગી પડેલું અને આમુદર્યા (ઑક્સસ) નદીનું મૂળ જેણે શોધી કાઢ્યું . . . દાર્જીલિંગના પ્રભાતના પડદા પાછળથી કાંચનગંગાનું ભવ્ય દર્શન; વચમાંથી ઝરી ગએલા હિમાલયમાંના દોરડાના પૂલ પરથી નીચેના ધરામાં તૂટી પડતાં બચાવતી એકમાત્ર ડાળી; શિકારી બની નીકળેલા સામે નીરવ પગલે એકાએક પહોંચી આવેલા વાઘની ઉપસ્થિતિ; અંકોરવટની અસ્તંગત જાહોજલાલી; તાજના સૌન્દર્યનો કલ્પનાતીત આહ્લાદ;... મારા માનસિક સંગ્રહસ્થાનની આ સઘળી દોલત છે.'

વાઈસરૉય કર્ઝન દૃષ્ટિપથમાંથી વિલીન બનીને એકાદ ચિરયાત્રી આ વર્ણનથી પ્રત્યક્ષ નથી થતો? વર્ષો સુધી જગતભરમાં રસપૂર્વક વંચાએલા એના એ 'Tales of Travel' પુસ્તકને તો કોઇ કુમારે જતું કરવું ન જોઈએ.

'પ્રકર્ષ'

હથેળીમાં છાયાયંત્ર

ઘડિયાળ પાસે ન હોય, ને વખત જાણવાની જરૂર આવી પડે તો તમારી હથેલીમાં જ એક કામચલાઉ સૂર્ય-છાયા-યંત્ર (Sun dial) બનાવી લઇને તમે અંદાજે વખત જાણી લઈ શકો. પેન્સિલ, દાતણ કે ઝાડની સીધી ડાળખી લઈ તમારા ડાબા હાથના અંગૂઠા ને હથેળી વચ્ચે તેને એવી રીતે પકડો કે તેનો ત્રણચાર ઇંચનો છેડો ઉપર રહે. (જુઓ ચિત્ર) પછી સૂર્યના પ્રકાશમાં હથેળીને બને તેટલી સપાટ એવી રીતે ધરી રાખો કે તમારી આંગળીઓ પશ્ચિમ દિશા તરફ ને અંગૂઠો દક્ષિણ દિશાને અભિમુખ રહે. હવે, તમારા અંગૂઠાનો પડછાયો તેના મૂળમાં આવેલી રેખા જોડે બરાબર મળી રહે ત્યાં સુધી તમારા હાથને જરૂર પ્રમાણે ફેરવી લો. આમ થઈ ગયા પછી પેન્સિલનો જે પડછાયો તમારી હથેળીમાં પડશે તેના સ્થળ પરત્વે દિવસનો તે તે સમય એ બતાવી રહેશે. જો પડછાયો અંગૂઠાની જોડેની આંગળી પર પડે તો સમય સવારના લગભગ સાતનો સમજવો; વચલી પર પડે તો ૮, અનામિકા પર પડે તો ૯ ને ટચલી પર પડે તો ૧૦ વાગ્યા સમજવા. તે પછીના સમયો ચિત્રમાં બતાવ્યા પ્રમાણેના હથેળીના ભાગ ઉપર જુદાજુદા સ્થળે પડવા પ્રમાણે ગણવા. (ટ્રેઝર ચેસ્ટ)



આ માસ ઈતિહાસમાં

ઑક્ટોબર

તા. ૨ મહાત્મા ગાંધીજીનો જન્મ, ૧૮૬૯.

તા. ૫ મહારાણી ઝિન્દાને દેશનિકાલ કરી લૉર્ડ ડેલહાઉસીએ શીખોના ખાલસા સૈન્ય સામે યુદ્ધ જાહેર કર્યું, ૧૮૪૮.

તા. ૮ 'યંગ ઇન્ડિયા' અઠવાડિકને મુંબાઈથી અમદાવાદ લઈ જઈ ગાંધીજીએ ત્યાંથી કાઢવું શરૂ કર્યું. ૧૯૧૯.


તા. ૧૨ જહાંગીર ગાદીએ બેઠા, ૧૬૦૫

તા. ૧૯ અમેરિકન સ્વાતંત્ર્યયુદ્ધમાં બ્રિટિશ લશ્કર જ્યૉર્જ વૉશિંગ્ટનને શરણે ગયું, ૧૭૮૧.

તા. ૨૧ ટ્રફાલ્ગરના વિખ્યાત નૌકાયુદ્ધમાં અંગ્રેજ નૌ. સેનાપતિ નેલ્સનનું મરણ, ૧૮૦૫.

તા. ૨૯ વાસ્કો ડ ગામાએ બીજી વારની હિંદની સફર વખતે કાલીકટ જીતી ૮૦૦ સ્ત્રી, પુરુષ ને બાળકોની કતલ કરી, ૧૫૦૪.

આ માસની વ્યક્તિવિશેષ



દયાનંદ સરસ્વતી

શુદ્ધ આર્યધર્મના પ્રેરક સંદેશ દ્વારા રાષ્ટ્રોદ્ધારની પ્રચંડ શક્તિ મૂકનાર આ પુરુષવરનો જન્મ મોરબી રાજ્યના ટંકારા પાસેના જીવાપર ગામના કરસનજી ત્રવાડી નામે ઔદીચ્ય બ્રાહ્મણને ત્યાં ઇ. ૧૮૨૪માં થયો. નાની બેન અને કાકાના મૃત્યુથી પ્રકટેલી વિરક્તિથી ૧૯વર્ષના એ મૂળશંકરે ઘર છોડ્યું. દોઢ દાયકા સુધી ગુરુની શોધમાં દેશભરમાં ઘૂમી અંતે ૩૬મે વર્ષે મથુરામાં વિરજાનંદ નામના અંધ સંન્યાસી પાસે વિદ્યાભ્યાસ કરી વેદશાસ્ત્રપારંગત થયા, અને પોતાના પરિભ્રમણમાં હિંદુ ધર્મનો જે વિનિપાત અને દેશની દુર્દશા જોઇ હતી તેના નિવારણ અર્થે શુદ્ધ બલવાન વેદધર્મના પ્રચાર દ્વારા હિંદુસમાજની પુનર્જાગૃતિનું કાર્ય આરંભ્યું. એક બાજુથી ઠામઠામ વિવાદ સભાઓમાં તેજસ્વી બુદ્ધિથી બંધિયાર ધર્મમતનું ખંડન કરતા જઇને, અને બીજી બાજુથી સમાજના કુરિવાજોનો ધ્વંસ કરીને તે નવા આર્યસમાજની સ્થાપના કરતા ગયા. અને આમ, વીસ વર્ષમાં તો દેશને આર્ય ધર્મની હવાથી ચેતનવંતો બનાવી દીધો. તેમના બોધથી સન્માર્ગે વળેલા જોધપુર નરેશની નર્તકીએ દ્વેષથી તેમના રસોયા મારફત ઝેર અપાવ્યું, જેની અસરથી ૧૮૮૩ના ૩૦મી ઑક્ટોબરે અજમેરમાં એમનો દેહવિલય થયો.

બળની વાતું બહુ કરે, કરે બુદ્ધિના ખેલ;
(પણ) વિપદ વેળા જાણીએ (કે) તલમાં કેટલું તેલ.

— તનસુખ ભટ્ટ

કાશીના મુન્સફની કૉર્ટમાં એક શાહુકાર તરફથી દરખાસ્ત રજૂ થઈ કે કૉર્ટે ડિક્રી કરેલા એક દાવામાં હિસાબગણત્રીની અમારી ભૂલથી અમારા એક કરજદાર ઉપર વધારે રકમની ડિક્રી થઇ ગઇ છે, તો ડિક્રીની રકમને બદલે તેટલા ઓછા રૂપિયાની જ ડિક્રી બજાવવાનો હુકમ ફરમાવશો. આ અરજી સાંભળી મુનસફ ચકિત થયા. એમના જીવનમાં આવી પ્રામાણિક અરજી પહેલી જ વાર આવી હતી. એ અરજી કરાવનાર હતા કાશીના અગ્રણી નાગરિક સ્વ. શિવપ્રસાદ ગુપ્ત.

અનેકાર્થી શબ્દ: **મર્મ**=સૂત્ર; બાજુ; શોક કે દુઃખ; મનનું વલણ; ગતિ અથવા પ્રવેશ.

કહેવતોના અર્થ: 'કીડીને કોગળો પૂર'—નાના માણસોને અલ્પ વડે સંતોષી શકાય અથવા જીતી લઈ શકાય એ બતાવવા માટેની આ કહેવત દર્શાવે છે તેમ, પાણીનો એક કોગળો કીડીને મન તો મોટા પૂર જેવો થઈ પડે. એને મળતી બીજી કહેવતો: 'કુકડીનું મોં ડેફ્લે', 'દૂબળું બ્રત કુશકે રળિયાત', 'કંગાલ કાકડીએ રાજી' વગેરે.

ગણિતગમ્મત: તમારા મિત્રને કોઈ બે આંકડાની રકમ ધારવાનું કહો. તેના દશકના અંકને પાંચ વડે ગુણાવો. હવે તેમાં કોઈ પણ એક અંક ઉમેરાવો (દાખલા તરીકે ૭). જે આવે તેના બમણા કરાવો. તેમાં એની ધારેલી રકમનો એકમનો આંક ઉમેરાવો અને શું આવ્યું તે એને પૂછો. તે જે જવાબ કહે તેમાંથી. તમે વચ્ચે જે રકમ ઉમેરવાની તેને કહેલી (૭) તેના બમણા તમારા મનમાં બાદ કરો, એટલે તેણે ધારેલી રકમ તમને મળી જશે. એ તેને કહો એટલે ચકિત થશે.

કપડાં પર પડેલા ચાહના ડાઘ, આરધી ગમચી 'બોરૅક્સ' (ટંકણખાર) ઓગાળેલા એક પ્યાલા પાણીમાં કપડું બીજની શાખાને તડકામાં સુકવવાથી નીકળશે; અથવા તો ડાઘ ઉપર લીંબુ ઘસીને લીંબુના રસ વડે સારી પેઠે ભીંજવી તડકે મૂકી જોજો.

આપણા જમણા ફેફસાનું વજન ૨૪ ઔંસ અને ડાબા ફેફસાનું ૨૦ ઔંસ હોય છે. એમાં રહેલા શ્વાસકોષોની સંખ્યા સાડા ઓગણેતેર કરોડ જેટલી હોય છે!

પુખ્ત વયે આપણા શરીરમાંના લોહીનું વજન સરેરાશ ૧૨ રતલ હોય છે.



ખોટી વાત: ડૂબતો માણસ મરતાં પહેલાં ત્રણ વખત સપાટી ઉપર આવી જાય છે એવી જે સામાન્ય માન્યતા પ્રચલિત છે તે ખોટી છે. મરતાં પહેલાં માણસ બરોબર ત્રણ જ વખત પાણીની બહાર આવી જાય છે એવું કાંઈ નથી. ઘણી યે વાર ત્રણ કરતાં વધુ વખત પણ તે આવે છે, ને કેટલીક વાર બીલકુલ નથી આવતો: ત્રણની સંખ્યા સાથે તેને કાંઇ જ સંબંધ નથી.


જગુ: (ડેન્ટિસ્ટને) મારે એક દાંત ખેંચાવવો છે. પણ મારે જરા ઉતાવળ છે; એટલે પેઢામાં ઈન્જેક્શન નાંહ આપો તો ચાલશે એમ ને એમ જ ખેંચી કાઢજો!

ડેન્ટિસ્ટ: વાહ, બહાદુર છોકરો લાગે છે! જોઉં, ક્યો દાંત છે?


જગુ: (પોતાના નાના ભાઇને) જમુ, તારો દાંત એમને બતાવ.

ઑસ્ટ્રેલિયામાં પારામૅટા ખાતે ઇ. ૧૭૯૧ ની સાલમાં વવાયેલું ઑલિવનું એક ઝાડ હજી હયાતી ધરાવે છે.

(૪) કોઈ વજનદાર ટેબલ કે એવી બીજી વસ્તુને વારંવાર ખસેડતાં મહેનત પડતી હોય તો તેના દરેક પાયા નીચે એક રીલમાં લોખંડના સળિયાને વાળીને



તેના અણીવાળા છેડા ચિત્રમાં બતાવ્યા પ્રમાણે પાયાને તળિયે જડી દો (દરેક પાયાની રીલ એક જ દિશામાં ફરે તેમ). એટલે સહેલાઇથી ખસેડી શકાશે.—પુ. પ્રા.





મંગળ ભૈયા (ફોટો · ગિસ આર. જે. દલાલ-મુંબાઇ) **સ્વર્ણલતા** (ફોટો સી. જે. ગજ્જર-મુંબાઇ)

ફોટોગ્રાફીની કલામાં 'માનવ છબિ' (પોર્ટ્રેટ)ના આલેખન માટેની બે નિરનિરાળી પદ્ધતિઓના આ બે વિશિષ્ટ નમૂના અમદાવાદમાં આ વિજયાદશમીએ 'નિહારિકા' મંડળના ઉપક્રમથી ભરાએલા 'અખિલ હિંદ ફોટો-કલા (બીજું) પ્રદર્શન'માંથી ચૂંટીને આપ્યા છે. ડાબી બાજુનું 'મંગલ ભૈયા'નું ચિત્ર તેજછાયાના બધા જ વર્ણોના સંપૂર્ણ આલેખનવાળું છે, જેમાં ચહેરા પરનાં પ્રસ્વેદબિન્દુ ને વાળના કાંટા સુદ્ધાં ઊપડી આવે છે. આ ચાલુ પદ્ધતિ છે અને તેને 'લો કી' (Low Key) કહે છે. તેથી ઉલટી જ પદ્ધતિનું જમણી બાજુનું ચિત્ર 'હાઈ કી' (High Key)નું કહેવાય છે, જેમાં 'છાયા'ના બધા જ ભાગો દૂર કરીને માત્ર 'તેજચિત્ર' બનાવવામાં આવે છે. પાત્ર ઉપર કે બૅકગ્રાઉન્ડમાં ક્યાંય છાયાનો અંશ આવવા દીધા વિના પણ પાત્રનું લાક્ષણિક સૌન્દર્ય ઉઠાવ પકડે એવી રીતે પ્રકાશરચના કરવામાં આવે છે, અને એક્સ્પોઝિંગ, ડેવેલપિંગ ને પ્રિન્ટિંગ સુધીની બધી ક્રિયાઓમાં તે ખૂબ ચાતુરી, કૌશલ ને કાળજી માગી લે છે ગૌર વર્ણનું પાત્ર, સફેદ વસ્ત્રપરિધાન ને ધોળી બાસ્તા જેવી પશ્ચાદ્ભૂને આવી રીતે માત્ર 'તેજચિત્ર' રૂપે ઉઠાવ આપેલું 'સ્વર્ણલતા'નું ચિત્ર તેનો એક નમૂનો છે. —શ્રી૦



ટપાલની ટિકિટો પર દેશદેશનાં ખનીજદ્રવ્યોનાં કારખાનાં (શ્રી હરિલાલ ઉંકરના સંગ્રહમાંથી): ઉપલી હાર–(૧) કોલંબિયા (દ. અમેરિકાની) ટિકિટ પર ત્યાંની પન્નાની ખાણ; (૨) બ્રિ. ગાયાનાની સોનાની ખાણ; (૩) કોલંબિયાની સોનાની ખાણ; (૪) આફ્રિકાની સોનાની ખાણ; (૫) કોલંબિયાના પેટ્રોલના કૂવા; નીચલી હાર–(૧) કોલંબિયાના પેટ્રોલના કૂવા; (૨) ચીલીના ગરમ પાણીના ઝરા; (૩) એ જ દેશનાં નાઇટ્રેટનાં કારખાનાં; (૪) પેરૂના પેટ્રોલના કૂવા; (૫) આર્જેન્ટિનાના પેટ્રોલના કૂવા.